સુવિચાર

માત્ર સપના જોવાથી કંઈ થતું નથી, સફળતા પ્રયાસોથી મળે છે!

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 217, Dt.26-06-2024 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# નોટબંધી, GST, કોવિડની અસરઃ ૩૭ લાખ નાના ઉદ્યોગ બંધ




**સાત વર્ષમાં લગભગ ૯.૩ ટકા એકમો બંધ થયાઃ ૧.૩૪ કરોડ બેકાર**

નવી દિલ્હી, તા.૨૬ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની માહિતીનું વિશ્લેષણ દર્શાવે છે કે છેલ્લા સાત વર્ષમાં ૩૭ લાખ નાના ઉદ્યોગો બંધ થઈ ગયા અને તેમાં કામ કરતા ૧ કરોડ ૩૪ લાખ લોકો બેરોજગાર થઈ ગયા.

આ આંકડો ઉત્પાદન, વેપાર અને સેવા ક્ષેત્ર અથવા નાના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સાથે સંબંધિત નાના અસંગઠિત એકમોનો છે. એકલા મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં જ આવા ૧૮ લાખ યુનિટ બંધ થઈ ગયા, જેના કારણે ૫૪ લાખ લોકો બેરોજગાર થઈ ગયા.

ઓક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ ની વચ્ચે દેશના ઉત્પાદન ક્ષેત્રમાં લગભગ ૧૭.૮૨ કરોડ બિનસંગઠિત એકમો કામ કરી રહ્યા હતા. જુલાઈ ૨૦૧૫ થી જૂન ૨૦૧૬ની વચ્ચે તેમની સંખ્યા ૧૯.૭૦ કરોડ લાખ હતી. એટલે કે સાત વર્ષમાં લગભગ ૯.૩ ટકા એકમો બંધ થયા છે.

તેવી જ રીતે, આમાં કામ કરતા લોકોની સંખ્યા પણ ૨૦૧૫-૧૬માં ૩.૬૦ કરોડથી ૧૫ ટકા ઘટીને ૨૦૨૨-૨૩માં ૩.૦૬ કરોડ થઈ ગઈ છે. એટલે કે આ સેક્ટરમાં ૫૪ લાખ લોકો કામથી દૂર છે.

ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માટેનો વાર્ષિક સર્વેક્ષણ જાહેર કર્યો છે. ૨૦૧૫-૧૬માં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસના ૭૩મા રાઉન્ડના સર્વે રિપોર્ટ સાથે અહીં આપેલા ડેટાની સરખામણી કરવામાં આવે ત્યારે આ ચિત્ર ઉભરી આવે છે.

જો કે, જો આપણે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ની તુલના કરીએ તો, ત્યાં વ્યવસાયિક એકમો અને તેમાં કાર્યરત લોકોની સંખ્યામાં વધારો થયો છે. અગાઉ આ સર્વે દર પાંચ વર્ષે કરવામાં આવતો હતો. ગત વખતે એનએસએસે ૭૩મા રાઉન્ડનો સર્વે રિપોર્ટ બહાર પાડ્યો હતો. પછી, ૨૦૧૯-૨૦ થી તે વાર્ષિક ધોરણે થવાનું શરૂ થયું.

NSSના ૬૭મા અને ૭૩મા રાઉન્ડના સર્વે રિપોર્ટ સાથે ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના ડેટાની સરખામણી કરવાથી જાણવા મળે છે કે ડિમોનેટાઈઝેશન, GST અને કોવિડ લોકડાઉનને કારણે કોર્પોરેટ સેક્ટરને ઘણો આંચકો લાગ્યો છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશને ભારતમાં બેરોજગારીના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડતો એક રિપોર્ટ જાહેર કર્યો છે.

૨૦૧૫-૧૬ અને ૨૦૨૧-૨૨ ની વચ્ચે, સમાવિષ્ટ એકમોની સંખ્યામાં ૩૦ લાખથી વધુનો ઘટાડો થયો છે અને તેમાં કામ કરતા લોકોની સંખ્યામાં ૧.૩૦ કરોડથી વધુનો ઘટાડો થયો છે. આ તે સમયગાળો હતો જયારે આપણે ડિમોનેટાઈઝેશન, GST અને કોવિડ લોકડાઉનનો સામનો કરવો પડ્યો હતો. (જુઓ.પાનું.૫)




## ન્યૂઝ ફ્લેશ

### ટ્રેન મોડી પડતા ૧૧૮૦૦ નું વળતર

**રેલ્વે કાયદામાં ટ્રેનની સમયબદ્ધતાની કોઈ ગેરેન્ટી ન હોવાની દલીલ ફગાવાઈ**



વડોદરા,તા.૨૬: રેલવેમાં ટ્રેનો મોડી પડવાની કે છેલ્લી ઘડીએ પ્લેટફોર્મ બદલી જવાના બનાવો નિયમીત બનતાં હોય છે છતાં પ્રવાસીઓ મુંગામોઢે સહન કરી લેતા હોય છે.પરંતુ ગોધરાનાં છ મુસાફરોના ગ્રુપે આ કિસ્સાને પડકારતાં તમામ પ્રવાસીને ૧૧૮૦૦ નું વળતર આપવાનો આદેશ થયો છે.

ગોધરાના ચાર સીનીયર સીટીઝન સહીત છ પ્રવાસીઓના ગ્રુપે ગત વર્ષની ૧૯ જુલાઈએ નહારલ-ગુન-ઓખા ટ્રેનમાં વારાણસી જવા ટીકીટ બુક કરાવી હતી. પરિમલ પાઠક (ઉ.વ.૬૬), તેમના પત્નિ ભાવના (ઉ.વ.૬૧), કામીની પાઠક (ઉ.વ.૫૫) તથા હની (ઉ.વ.૨૭) ના નામે ટીકીટ બુક થઈ હતી.

૧૯ જુલાઈએ સવારે ૧૦-૩૦ કલાકે ટ્રેનનો સમય થયો તે બપોરે ૩ વાગ્યે આવી હતી. એટલુ જ નહિં પ્લેટફોર્મ નંબર ૧ ને બદલે બે નંબરના પ્લેટફોર્મ પર આવી હતી.પ્રવાસીઓએ સામાન ઉંચકીને દોડવુ પડયું હતું.આ મુસાફરોના ગ્રુપે સામાન ઉંચકવા કુલી કરવા પડયા હતા. ટ્રેન વારાણસી પણ ૧૦ કલાક મોડી પહોંચી હતી.

રિટર્ન પ્રવાસમાં પણ સમાન ટ્રેનમાં ૨૩ જુલાઈથી ટીકીટ બુક થયેલી હતી. વારાણસીથી પણ આ ટ્રેન ૬ કલાક મોડી હોવાનું જાહેર થયુ હતું. પરીણામે પ્રવાસીઓએ હોટેલમાં રોકાણ લંબાવી દીધુ હતું તેઓએ વધુ એક દિવસનું ટોટલ ભથ્થુ ચુકવવુ પડયુ હતું. વારાણસીમાં પણ ટ્રેનનું પ્લેટફોર્મ બદલવામાં આવતા પ્રવાસીઓએ કુલી રાખવો પડયો હતો.

વ્યવસાયે વકીલ એવા પરિમલ પાઠકે રેલવે પ્રવાસમાં થયેલી આ હેરાનગતિ સામે પંચમહાલ જીલ્લા ગ્રાહક પંચમાં કેસ દાખલ કર્યો હતો. પશ્ચિમ રેલવેનાં જનરલ મેનેજર તથા ગોધરાના સ્ટેશન મેનેજરને પક્ષકાર બનાવીને તમામ છ પ્રવાસીને વ્યકિતગત ૧૧૮૦૦ નું વળતર માંગ્યુ હતું. ઉપરાંત વધારાના હોટેલ ભાડા તથા કુલીનો ખર્ચ માંગ્યો હતો. ગ્રાહક કોર્ટે માનસીક હેરાનગતિ પેટે રૂા.૧૧૮૦૦ તથા ખર્ચ પેટે ૨૦૦૦ આપવા રેલવેને આદેશ કર્યો હતો.

રેલવે વતી વકીલે એવી દલીલ કરી હતી કે રેલવે ક્રોસીંગ એન્ડ ટ્રાફીક રૂલ્સ હેઠળ ટ્રેનનાં સમયની કોઈ ગેરંટી અપાતી નથી. એટલે ટ્રેન મોડી થાય તો રેલવેની કોઈ જવાબદારી બનતી નથી.

અરજદાર તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે ટ્રેન મોડી પડવાને કારણે ફલાઈટ ચુકી જવાના કેસમાં સર્વોચ્ચ અદાલતે પણ અન્ય કિસ્સામાં વળતર મંજુર કર્યું હતું.

ગ્રાહક પંચના વડા જે.પી.ગઢવીએ ચુકાદામાં નોંધ્યુ કે પ્રવાસીઓને રેલવેની દયા પર રાખી ન શકાય. રેલવેના વાંકે પ્રવાસીઓને ભારે હેરાનગતિનો સામનો કરવો પડયો હતો તે માનવાને કારણ છે.

# ઓમ બિરલાનો અનુભવ દેશ માટે ઉપયોગી થશેઃ નરેન્દ્ર મોદી



લોકસભાના નવા સ્પીકર તરીકે ઓમ બિરલાની વરણી



નવી દિલ્હી, તા.૨૬ ઓમ બિરલા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા છે. આ પહેલા ખુદ પીએમ મોદીએ તેમના નામનો પ્રસ્તાવ મુક્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું- ગૃહ ભાગ્યશાળી છે કે તમે બીજી વખત આ બેઠક પર બેઠા છો. મારા વતી હું તમને અને આ સમગ્ર ગૃહને અભિનંદન આપું છું. ઓમ બિરલા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી નવા સ્પીકરને ખુરશી સુધી મુકવા ગયા હતા.

આ પહેલા ખુદ વડાપ્રધાન મોદીએ તેમના નામનો પ્રસ્તાવ મુક્યો હતો. વડાપ્રધાને કહ્યું ઓમ બિરલાનો અનુભવ દેશ માટે ઉપયોગી થશે. રાહુલ ગાંધીએ કહ્યું મને ખાતરી છે કે તમે વિપક્ષના અવાજને દબાવવા નહીં દો. કોંગ્રેસે ડેપ્યુટી સ્પીકર પદની માંગણી કરી હતી, જ્યારે જવાબ ન મળ્યો તો વિપક્ષે સ્પીકર માટે પોતાનો ઉમેદવાર ઉતાર્યો.

ઓમ બિરલા બીજેપીના પહેલા નેતા છે જેઓ બીજી વખત સ્પીકર બન્યા છે. આ પહેલા કોંગ્રેસના બલરામ જાખડ સતત બે ટર્મથી સ્પીકર રહી ચૂક્યા છે. અખિલેશે કહ્યું- અમને આશા છે કે વિપક્ષના અવાજને કચડવામાં નહીં આવે.

સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું તમારી પાસે ૫ વર્ષનો અનુભવ છે. ત્યાં તમને જૂના અને નવા ગૃહનો અનુભવ છે. અમને આશા છે કે વિપક્ષના અવાજને કચડવામાં નહીં આવે. લોકસભા સ્પીકર તરીકે તમે બધાને સમાન તક આપશો. માત્ર વિપક્ષ પર તમારું નિયંત્રણ નથી, સત્તાધારી પક્ષ પર પણ તમારું નિયંત્રણ છે.

રાહુલ ગાંધીએ ઓમ બિરલાને સ્પીકર તરીકે ફરીથી ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું આ ગૃહ દેશની જનતાનો અવાજ છે. સરકાર પાસે રાજકીય સત્તા છે. પરંતુ વિપક્ષ પણ જનતાનો અવાજ છે. જનતામાં વિશ્વાસ જળવાઈ રહે તે જરૂરી છે. મને વિશ્વાસ છે કે તમે અમને અમારો અવાજ ઉઠાવવાની તક આપશો. સવાલ એ છે કે જનતાના અવાજને અહીં કેટલી તક મળે છે.

મોદીએ કહ્યું ઓમ બિરલાના નેતૃત્વમાં જ અમે જૂની સંસદમાંથી નવી સંસદમાં એન્ટ્રી લીધી હતી. તેમણે સંસદના ડિજિટલાઈઝેશનમાં પણ ભૂમિકા ભજવી હતી. G20 દેશોના પ્રિસાઈડિંગ ઓફિસર્સની કોન્ફરન્સ તમારા નેતૃત્વ હેઠળ થયું. દેશ માટે આ એક મોટી સિદ્ધી છે. મોદીએ કહ્યું ગૃહ ભાગ્યશાળી છે કે તમે બીજી વખત આ બેઠક પર બેઠા છો. મારા વતી હું તમને અને આ સમગ્ર ગૃહને અભિનંદન આપું છું.

પીએમ મોદીએ સ્પીકર પદ માટે ઓમ બિરલાના નામનું સમર્થન કર્યું હતું. રાજનાથ સિંહ, શિવરાજ સિંહ, અમિત શાહ સહિત ઘણા નેતાઓએ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને કહ્યું- લોકસભાના સ્પીકર કોઈ ખાસ પક્ષના નથી. તે સમગ્ર ગૃહના છે. પરંપરા એવી છે કે સ્પીકરની પસંદગી સર્વસંમતિથી થવી જોઈએ. વિપક્ષની જીદ જેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. તેમની પાસે પૂરતી સંખ્યા નથી. અમે એમ પણ માનીએ છીએ કે તેમના પક્ષના લોકો પણ અમારી તરફેણમાં મતદાન કરશે, જે આ વિચારની વિરુદ્ધ છે. (જુઓ.પાનું.૫)

**શેરબજાર સતત બીજા દિવસે ઓલ ટાઈમ હાઈ પર**

# સેન્સેક્સ ૭૮,૧૮૮ની સપાટીએ પહોંચ્યો




મુંબઈ, તા.૨૬ શેરબજારે આજે સતત બીજા દિવસે ઓલ ટાઈમ હાઈ બનાવ્યું છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૭૮,૧૮૮ના સ્તરને સ્પર્શ્યો હતો. હાલમાં સેન્સેક્સ લગભગ ૧૦૦ પોઈન્ટના વધારા સાથે ૭૮,૧૦૦ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે.

જોકે નિફ્ટીએ આજે ઓલ ટાઈમ હાઈ નથી બનાવ્યો. નિફ્ટી ૨૩,૭૦૦ ના સ્તર પર ફ્લેટ ટ્રેડ થઈ રહ્યો છે. અગાઉ ગઈકાલે એટલે કે ૨૫મી જૂને સેન્સેક્સ અને નિફ્ટીએ ઓલ ટાઈમ હાઈ હતા. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭માં વધારો અને ૧૩માં ઘટાડો જોવા મળી રહ્યો છે.

આજે એક્મે ફિનટ્રેડ ઈન્ડિયા લિમિટેડ અને DEE ડેવલપમેન્ટ એન્જિનિયર્સ લિમિટેડના શેર બજારમાં લિસ્ટ થવાના છે. આ બંને કંપનીઓના IPO ૧૯ થી ૨૧ જૂન સુધી ખુલ્લા હતા. નિષ્ણાતોના મતે, તેમનું પોઝિટિવ લિસ્ટિંગ હોઈ શકે છે.

અગાઉ ગઈકાલે એટલે કે ૨૫મી જૂને શેરબજારે નવી ઓલ ટાઈમ હાઈ પર હતું. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૭૮,૧૬૪ અને નિફ્ટી ૨૩,૭૫૪ના સ્તરને સ્પર્શ્યો હતો. આ પછી સેન્સેક્સ ૭૧૨ પોઈન્ટના વધારા સાથે ૭૮,૦૫૩ ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ ૧૮૩ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. ૨૩,૭૨૧ના સ્તરે બંધ રહ્યો હતો.

# સોનું રૂ.૨૩૦ ઘટી રૂ.૭૨,૦૦૦ : ચાંદીમાં પણ રૂ.૧,૦૦૦નો ઘટાડો

**એક કિલો ચાંદી રૂ.૯૦ હજાર પર આવી**




નવી દિલ્હી, તા.૨૬ સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે ૨૬મી જૂને ઘટાડો જોવા મળી રહ્યો છે. ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂ.૨૩૦ ઘટીને રૂ.૭૨,૦૦૦ થયો છે. ગઈ કાલે તેની કિંમત ૭૨,૨૩૦ રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતી. તેમજ, એક કિલો ચાંદી ૧,૦૦૦ રૂપિયા ઘટીને ૯૦,૦૦૦ રૂપિયામાં વેચાઈ રહી છે.

જો કે આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં ૮,૧૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો વધારો થયો છે. વર્ષની શરૂઆતમાં તે રૂ. ૬૩,૮૭૦ પર હતું. વર્ષની શરૂઆતમાં ચાંદીનો ભાવ ૭૨,૧૬૦ રૂપિયા પ્રતિ કિલો હતો. એટલે કે આ વર્ષે ચાંદીમાં ૧૭,૮૪૦ રૂપિયાનો વધારો થયો છે.

દિલ્હીમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૧૫૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૨,૧૫૦ રૂપિયા છે. મુંબઈમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૦૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૨,૦૦૦ રૂપિયા છે. ચેન્નાઈમાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૬૦૦ રૂપિયા અને ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૨,૬૬૦ રૂપિયા છે. કોલકાતામાં ૧૦ ગ્રામ ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૬,૦૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૭૨,૦૦૦ રૂપિયા છે.

# ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

**બે દિવસ ભારે, તા.૨૮ થી ૫ સુધી અતિ ભારે વરસાદની આગાહીઃ આજે અમુક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ**

અમદાવાદ, તા.૨૬ રાજયમાં ધીમી ગતિએ ચોમાસુ આગળ વધી રહ્યું છે ત્યારે હવે તા.૨૮થી ૫ સુધી અતિ ભારે વરસાદની આગાહી અંબાલાલ પટેલે કરી છે. તો આજથી બે દિવસમાં હળવો વરસાદ વરસી શકે છે.

ગુજરાતમાં ચોમાસું ભલે વહેલું આવ્યું હતું પણ અગળ વધતું અટકી જવાથી બારે ગરમી બફારા અને ઉકળાટથી ત્રસ્ટ હતા. રાજ્યમાં ઠેર-ઠેર સાર્વત્રિક કહી શકાય તેવી મેઘમહેર થઈ છે.

નદી-નાળાં વરસાદી પાણીથી છલકાઈ ઉઠ્યાં છે. જગતના તાતના ખેતર પણ વરસાદી પાણીથી ઊભરાઈ રહ્યા છે. આ વચ્ચે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

અંબાલાલ પટેલે જણાવ્યું કે, આગામી દિવસોમાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. તેમના જણાવ્યા અનુસાર, વડોદરા, છોટાઉદેપુર અને આણંદ જેવા શહેરોમાં ભારે વરસાદની શક્યતા છે, જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ યથાવત રહેવાની શક્યતા છે.

આ વિસ્તારોમાં ચાર ઈંચથી વધારે વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ૨૮ જૂન સુધીમાં અતિભારે વરસાદ થઈ શકે છે. રાજ્યભરમાં ૨૮ જૂનથી ૫ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. જુલાઈના અંત સુધીમાં કેટલાક વિસ્તારોમાં ૧૦ ઈંચ સુધી વરસાદ થઈ શકે છે. દરમ્યાન આજે હવામાન વિભાગ દ્વારા પંચમહાલ અને વડોદરામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

# યશ બેંકના ૫૦૦ કર્મચારીઓને છૂટા કરાયા

**બેંકે કોસ્ટ કટિંગ માટે લીધો નિર્ણય**

નવી દિલ્હી, તા.૨૬ ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંકોમાંની એક યસ બેંકના કર્મચારીઓ માટે એક ખરાબ સમાચાર છે. ખાનગી ક્ષેત્રની આ બેંકે તેના સેંકડો કર્મચારીઓને છૂટા કરી દીધા છે અને તેમને રજા આપવાનો આદેશ આપ્યો છે.

યસ બેન્ક તેના ખર્ચમાં ઘટાડો કરવા માટે પગલાં લઈ રહી છે અને તે અંતર્ગત બેન્કે છટણીનો આશરો લીધો છે. રિપોર્ટમાં આ બાબત સાથે સંકળાયેલા કેટલાક લોકોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે યસ બેંકે પુનર્ગઠન પગલાંના ભાગરૂપે ઓછામાં ઓછા ૫૦૦ કર્મચારીઓને છૂટા કરવાનો આદેશ આપ્યો છે. આગામી દિવસોમાં બેંક વધુ કર્મચારીઓની છટણી કરે તેવી શક્યતા છે.

બેંકે છૂટા કરાયેલા કર્મચારીઓને ૩ મહિનાના પગાર જેટલું રાહત પેકેજ આપ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ છટણીની સૌથી વધુ અસર બ્રાન્ચ બેંકિંગ પર પડશે કારણ કે મોટાભાગના કર્મચારીઓને આ સેગમેન્ટમાંથી છૂટા કરવામાં આવ્યા છે. જો કે, આ છટણીએ હોલસેલ બેન્કિંગથી રિટેલ બેન્કિંગ સુધીના લગભગ તમામ વર્ટિકલ્સને અસર કરી છે. (જુઓ.પાનું.૫)

# સીંગતેલના ભાવમાં ડબ્બાએ રૂ.૪૦નો વધારો

**સિંગતેલનો ભાવ રૂપિયા ૨૬૦૦ નજીક પહોંચી ગયો**



અમદાવાદ, તા.૨૬ ખાદ્ય વસ્તુઓમાં સતત વધારો જોવાઈ રહ્યો છે,છેલ્લા ત્રણ દિવસમાં રાજકોટમાં સિંગતેલના બજાર માં પ્રતિ ૧૫ કિલો ડબ્બાના ભાવમાં રૂ.૪૦નો વધારો ઝીંકાયો છે. હાલમાં સિંગતેલનો ભાવ રૂ.૨૬૦૦ નજીક પહોંચી ગયો છે.

રાજ્યમાં મગફળીના ભાવ લાંબા સમયથી સ્થિર જોવા મળી રહ્યા છે. સતત બીજા વર્ષે આશરે ૪૫ લાખ ટનનો મબલખ પાક માર્કેટમાં આવ્યો છે અને આ વર્ષે પણ ચોમાસાએ વહેલા મંડાણ માંડ્યા છે. કપાસિયા અને પામતેલના ભાવ પણ સ્થિર છે છતા પણ આજે સીંગતેલના ભાવ વધવાની સાથે ભાવ ૨૫૯૦એ પહોંચ્યો હતો. જ્યારે કપાસિયા રૂપિયા ૧૭૦૫ થી ૧૭૩૫ અને પામતેલના ૧૪૭૫ થી ૧૪૮૦ની સપાટીએ જોવા મળી રહ્યો છે.બીજી બાજી માર્કેટમાં શાકભાજીની આવકમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને બીજા રાજ્યમાંથી આવતો માલ બગડી રહ્યો છે. જેથી પડતર કિંમતમાં વધારો જોવા મળે છે. જેના કારણે ટામેટા, સુરણ, કોથમીર, ભીંડો, ગુવાર, ચોળાસિંગ, સરગવો, તુરીયા, પરવર, મેથી, લીલા મરચાં સહિતના તમામ શાકભાજીમાં ૫૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. દરેક જથ્થાબંધ ભાવ પણ ૧૦૦૦ થી ૨૦૦૦ની વચ્ચે પહોંચ્યા છે. કોથમીર, વટાણા, લીલી ડુંગળી, આદુ સહિતના ભાવમાં પ્રતિ મણ ૨૦૦૦ ને પાર કરી ચૂક્યા છે.

### કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં

# મોવૈયા, ખામટામાં કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

રાજ્યના કૃષિ,પશુપાલન અને ગૌ-સંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોવૈયા તથા ખામટા ગામની પ્રાથમિક શાળા ખાતે ૨૧મો કન્યા કેળવણી ઉત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં આંગણવાડી, બાલવાડી તથા ધોરણ-૧માં બાળકોનો ઉલ્લાસમય શાળા પ્રવેશ કરાવાયો હતો.

આ તકે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે રાજ્યમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે તનતોડ પ્રયાસો કર્યા હતા. રાજ્યના તમામ બાળકોના શાળાપ્રવેશની નેમ સાથે વર્ષ તેમણે ૨૦૦૨-૦૩માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો હતો. વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર પણ આ પગલાંઓને અનુસરીને રાજ્યમાં શિક્ષણને વધુ ગુણવત્તાયુક્ત બનાવવા સતત પ્રયત્નશીલ છે.

મંત્રીએ આ તકે શાળામાં પ્રવેશ લેનારા બાળકોને ઉજ્જવળ ભવિષ્યની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યની દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે નમો સરસ્વતી તથા નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે.

મોવૈયા ખાતે કુમાર શાળા તથા કન્યા શાળાના સંયુક્ત પ્રવેશોત્સવમાં બાલવાટિકામાં ૧૨ કુમાર તથા ૨૩ કન્યા મળીને કુલ ૩૫ બાળકો ક્યારે સીધા ધોરણ ૧માં ૩ કુમાર અને ૩ કન્યા મળીને કુલ ૦૬ બાળકોનો પ્રવેશ કરાવાયો હતો.

જ્યારે ખામટા એમ.જે.એમ. પ્રાથમિક શાળા ખાતે આંગણવાડીમાં ૮ કુમાર તથા ૨ કન્યા મળીને ૧૦ બાળકો તથા બાલવાટિકામાં ૮ કુમાર તથા ૩ કન્યા મળીને ૧૧ બાળકોનો શાળા પ્રવેશ કરાવાયો હતો.

આ તકે શાળાના બાળકોને શિક્ષણ કીટ તેમજ આંગણવાડીના ભૂલકાઓને શિક્ષણકિટ સાથે પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોવૈયાના કાર્યક્રમમાં નાયબ કર કમિશનર સુશ્રી મલ્લિકા બલાત, પડધરી તાલુકા પંચાયતના પ્રમુખ રોહિત ચાવડા, તાલુકા વિકાસ અધિકારી ગૌતમ ભીમાણી તાલુકા પંચાયતના સભ્યો, અગ્રણીઓ જ્યારે ખામટા ખાતે જિલ્લા શિક્ષણ અધિકારી નિલેશ રાણીપા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, ક્યુ.ઈ.એમ. સેલ-ગાંધીનગરના કો-ઓર્ડીનેટર અતુલ પંચાલ, નાયબ જિલ્લા પ્રાથમિક અધિકારી અશોકભાઈ વાણવી, તાલુકા આરોગ્ય અધિકારી વૈભવ ગોરિયા, પડધરી મામલતદાર કે.જી. ચુડાસમા, ટી.પી ઈ.ઓ. સુશ્રી દિક્ષીબેન આદરેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યુ છે.

# TRP ગેમ ઝોન અગ્ની કાંડમાં દીવંગતોને શ્રધ્ધાજંલી પાઠવતા શહેર કોંગ્રેસ પ્રમુખ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ રાજકોટમાં TRP ગેમ ઝોન માં લાગેલી વિકરાળ માં એક માનવ જિંદગી હોમાઇ ગઇ રાજકોટમાં વિવિધ પરિવારોને સાથે રાખીને એક મહિનો સુધી સરકારના નીભર તંત્ર સામે લડત ચલાવવામાં આવેલ હતી. પીડિત પરિવારોને સાથે રાખી રાજકોટના જાગૃત નાગરિકો સાથે શહેરમાં કેન્ડલ માર્ચ, ઉપવાસ અંગેની પત્રિકા વિતરણ ઐતિહાસિક ત્રિકોણબાગ ચોકમાં ત્રણ ત્રણ દિવસ સુધી ઉપવાસ આંદોલન ત્યારબાદ રાજકોટ મ્યુનિસિપલ કમિશનરને અને રાજકોટ શહેર પોલીસ કમિશનરને ઘેરાવ આવેદનપત્રો, ઉગ્ર રજૂઆતો ત્યારબાદ રાજકોટ બંધમાં પત્રિકા વિતરણ સહિતના વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. રાજકોટ બંધ સ્વયમ અને સજ્જડ બંધ રહ્યું હતું તેમાં રાજકોટના તમામ વેપારી મંડળો અને વેપારીઓનો સંપૂર્ણ સાથ અને સહકાર મળેલ હતો. શહેરની તમામ શાળા સંચાલકોને ટ્રસ્ટીઓનો કોંગ્રેસ આભારી છે તમામ કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકરો, NSUI, યુવા કોંગ્રેસ, કોંગ્રેસ સેવાદળ, મહિલા કોંગ્રેસ, લઘુમતી સેલ, એસ.સી સેલ એસ.ટી સેલ ફ્ન્ટલ સેલના તમામ ચેરમેનો અને સભ્ય અને ગુજરાત બહારથી આવેલા કોંગ્રેસ સેવા દરમિયાન અને કોંગી કાર્યકરો આગેવાનો નો ખરા દિલથી હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેમ જણાવ્યુ છે.

# નર્સનો ઝેરી દવા પી આપઘાત



રાજકોટ. તા.૨૬

માધાપર ગામમાં ક્રાઈસ્ટ હોસ્પિટલ સામે રહેતી અને એચસીજી હોસ્પિટલની પૂર્વ નર્સ જયોતિ મકવાણાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, માધાપરમાં આવેલ ક્રાઈસ્ટ હોસ્પિટલની સામે રહેતી જ્યોતિબેન મોહનભાઇ મકવાણા (ઉ.વ.૨૦) નામની યુવતીએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર કારગત નિવડે તે પહેલાં જ તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજા અને સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, જ્યોતિ ચાર ભાઈ-બહેનમાં નાની હતી અને તેના પિતાનું એક વર્ષ પહેલાં અવસાન થયેલ છે. તેણી એચસીજી હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી હતી.

દરમિયાન તેણીને એક યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયા બાદ તેમની સાથે લગ્ન કરવા હોય જેથી પરિવારજનોએ રાજી ખુશીથી તેમની સાથે ત્રણ માસ પહેલાં સગાઈ પણ કરાવી દિધી હતી અને આગામી દિવાળી બાદ તેમના લગ્ન પણ નક્કી કરવામાં આવ્યાં હતાં. જેથી તેણીને એક માસ પહેલાં નર્સની નોકરી પણ છોડાવી દિધી હતી અને ઘરે આરામ કરી પરીવાર સાથે રહેતી હતી. બનાવ અંગે પરીવાર પણ અજાણ હોય જેથી પોલીસે તપાસ યથાવત રાખી છે. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

### નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાની શાળાઓમાં

# ભુલકાઓને વિદ્યારંભ કરાવતા મંત્રી ભાનુબેન બાબરિયા



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

ભુલકાઓને વિદ્યારંભ કરાવતા મંત્રી ભાનુબેન બાબરિયાસમગ્ર ગુજરાતની સાથે નર્મદા જિલ્લામાં પણ ત્રિ- દિવસીય પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુભેન બાબરિયા ગરૂડેશ્વર તાલાકાની શાળાઓમાં પહોચ્યા હતાં. અને ભુલકાઓનુ વિદ્યામંદિરમાં નામાંકન કરાવ્યું હતું. તેઓ ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર સ્થિત વીર ભગતસિંહ પ્રાથમિક શાળા નંબર-૧, વીર સુખદેવ શાળા નંબર-૨ શાળાના કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્વેતા તેવતિયા, આઈસીડીએસ મદદનીશ નિયામક અલ્પાબેન સોલંકી, પ્રમુખ રંજનબેન ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવે, આઇસીડીએસ પ્રોગ્રામ ઓફિસર ક્રિષ્નાબેન પટેલ પણ વિશેષ હાજરી નોંધાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

મંત્રી ભાનુબેન બાબરિયાએ જાણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩ થી શાળા પ્રવેશોત્સવના શુભારંભ કરાવ્યો હતો. વડાપ્રધાનના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની નર્મદા જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં પણ આ વર્ષે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ બાળકોને ફ્રીમાં શિક્ષણ મળે અને બાળકોના શિક્ષણની ગુણવત્તા વધારો થાય.

વધુમાં જણાવ્યું કે, બાળકોનો ડ્રોપ આઉટ રેશિયામાં ઉત્તરોત્તર ઘટાડો નોંધાયો છે. અને બાળકોનુ શાળામાં હવે સો ટકા નામાંકનની સિદ્ધિ હાંસલ કરવામાં આપણને સફળતા મળી છે. એક પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તેની રાજ્ય સરકારે પુરતી કાળજી લીધી છે.

નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં ઢોલ-નગારાની સાથે વાજતે-ગાજતે વિદ્યાર્થીઓ શાળાઓમાં પ્રવેશપાત્ર પાત્ર બન્યા છે. તેઓ ભણી-ગણીને આગળ વધે અને પોતાના સ્વપનને સાકાર કરી આગળ વધે એવી શુભેચ્છા પાઠવીને સમાજ, રાજ્ય-રાષ્ટ્રના નિર્માણમાં પોતાનો સિંહફાળો આપે તે માટે તૈયાર થવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમ જણાવ્યુ છે.

# સરકાર સામે વિરોધ કરનાર રોહિત રાજપૂત સહીતના કાર્યકરોનો નિર્દોષ છુટકારો





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

સને ૨૦૨૧ માં પોલીસના ગ્રેડ પે બાબતે સરકાર સામે ઝુંબેશ ચાલતી હોય જેના સમર્થનમાં એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોએ રાજકોટ કલેકટર કચેરી બહાર કાર્યક્રમ કરેલ, જેમા એન.એસ.યુ.આઈ. ના કાર્યકરો (૧) રોહિત રાજપુત (૨) અભિરાજ તલાટીયા (૩) પાર્થ બગડા, (૪) યશ ભીંડોરા(૫) મિલન ઝંઝવાડીયા (૬)જીત પારેખ (૭) ચિરાગ બારડ, ની ધરપકડ કરીને આઈ.પી.સી. કલમ ૨૮૩ તથા ધ પોલીસ (ઈન્સાઈન્ટમેન્ટ ટુ ડીલ સકસેશન એકટ ૧૯૨૨ ની કલમ ૩ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ અન્વયેના ગુન્હો પ્ર.નગર પોલીસે નોંધેલ અને ચાર્જશીટ રજુ કરેલ જે કેસ કોર્ટમાં ચાલી રાજકોટની અદાલતે તમામ એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસ ની વિગત એવી છે કે, રાજકોટ કલેકટર કચેરી ખાતે એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોએ પોલીસ ગ્રેડ પે બાબતે સરકાર સામે ઝુંબશ ચાલતી હોય તેના સમર્થનમાં આકસ્મીક કાર્યક્રમ કરેલ અને જાહેર રસ્તા પર બેસી ને ટ્રાફીક અડચણ કરી પોલીસ ફોર્સ તુમ આગે બઢો હમ તુમારે સાથ હે જેવા નારા ઉચારી પોલીસ વિભાગ ના ઈરાદા પૂર્વક સરકાર પ્રત્યે અસંતોષ પેદા કરાવીને સરકાર વિરૂધ્ધ ઉશ્કેરણી કરી આંદોલન કરીને આરોપીઓએ ગુન્હો કરેલ જે બાબતે પ્ર.નગર પોલીસે આરોપીઓ સામે ગુન્હો નોંધી તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલ હતુ, ત્યાર બાદ આરોપીઓ સામે નો કેસ ચાલી જતા આ કામમાં આરોપીઓના વકીલ ની દલીલો ને ધ્યાને લઈ રાજકોટના અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસમા આરોપીઓ વતી ધારાશાસ્ત્રી પરેશ એન. કુકાવા, તથા નરેન્દ્રસિંહ એમ. જાડેજા, વિરલ એસ. ભટ્ટ રોકાયેલા હતા.

# અમેરિકાનાં શિકાગોમાં વિશ્વ જૈન સમાજનો કુંભ મેળો યોજાશે : અતુલ શાહ





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક આચાર્ય લોકેશજીએ યુએસએનાં શિકાગોમાં આયોજિત પ્રી-જૈના સમિટમાં ઉદઘાટન પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, જૈન તત્વજ્ઞાન હંમેશા શાંતિ, સદભાવના અને અહિંસાની સ્થાપના માટે આગળ વધી રહ્યું છે. વિશ્વના દરેક ખૂણામાં જૈન જીવનશૈલી અપનાવવામાં આવી રહી છે, ખાસ કરીને કોવિડ રોગચાળા પછી જૈન જીવનશૈલી દ્વારા તંદુરસ્ત સમાજનું નિર્માણ શક્ય છે. જૈન સમાજની ફરજ બને છે કે તે જૈન નિયમો અને પરિમાણોને વિશ્વનાં લોકો સુધી પહોંચાડે અને વિશ્વ કલ્યાણમાં યોગદાન આપે. હાલના વિશ્વ પરિદ્રશ્યમાં જ્યારે હિંસા, અસમાનતા અને પર્યાવરણીય અધોગતિ વધી રહી છે ત્યારે વિશ્વભરના જૈન સમુદાયે શાંતિ, સૌહાર્દ, સ્થિરતા અને સમાનતા માટે અન્ય સમુદાયો સાથે મળીને કામ કરવાની જરૂર છે. વિશ્વના ખૂણે ખૂણેથી એક થઈને જૈન સમુદાય વૈશ્વિક સ્તરે સમાજસેવા કરી રહ્યો છે. જૈન સમિટનું આયોજન પણ આવો જ એક પ્રયાસ છે.

જૈનોના ઉપપ્રમુખ અને કાર્યક્રમનાં સંયોજક અતુલ શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વિશ્વ જૈન સમાજ 'જૈના સંમેલન'નો કુંભ મેળો ટૂંક સમયમાં અમેરિકાના શિકાગો શહેરમાં યોજાવા જઈ રહ્યો છે.

પ્રી-જૈના સમિટનું આયોજન વૈશ્વિક જૈન સમુદાયમાં અને તેની બહાર શાંતિ માટે સંવાદિતા, સ્થિરતા અને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવાના વિવિધ પરિમાણો પર ચર્ચા કરવા માટે કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સના સહ-સંયોજકો વિપુલ શાહ અને જીજ્ઞેશ જૈને જણાવ્યું કે, જૈન સમિટમાં વિશ્વભરમાંથી ૭૦૦૦ પ્રતિનિધિઓ જેમ કે અમેરિકા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરે ભાગ લેશે. કોન્ફરન્સના આયોજનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

મહાસંઘપતિ અને સંઘપતિઓ દ્વારા દીપ પ્રાગટ્ય અને પરમ પૂજ્ય ડો. આચાર્ય લોકેશજીના શુભ પ્રવચનથી પરિષદની શરૂઆત થઈ, જેણે આધ્યાત્મિક રીતે ઉત્થાનનો સૂર સ્થાપિત કર્યો. જેએસએમસીના પ્રમુખ પ્રજ્ઞેશ શાહ અને જૈનાના પ્રમુખ બિન્દેશ શાહે ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં જૈનાના પૂર્વ પ્રમુખ પ્રેમ જૈન, ડો. સુશીલ જૈન સહિત અનેક પૂર્વ પ્રમુખો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સભાગૃહમાં ઉપસ્થિત વિશાળ જનમેદની જૈન સમિટના આયોજન માટે અત્યંત ઉત્સાહી હતી.

# ગોપાલ હરીટેજ પાસે આવાસ ન બનાવવામાં માંગ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

ગોપાલ હરીટેજ, કોઠારીયા, રાજકોટ (સોસાયટી)ના રહેવાસીઓ દ્વારા મ્યુ.કમિશનરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરાઇ હતી રજુઆતમા જણાવ્યુ હતુ કે,અમો બધા ગોપાલ હેરીટેજ, કોઠારીયા સર્વે નં. ૧૮૧ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં. ૩૦ (ડ્રાફ્ટ), ફાઈનલ પ્લોટ નં. ૧૯/૧ ખાતેના રહેવાસીઓ છીએ. સદરહુ સર્વે નંબર આવેલ કોમન પ્લોટનં. ૧૯/એ જેનું ક્ષેત્રફળ ચો.મી.આ. ૧૦૯૩-૭૭ આવેલ છે જેમાં ઘણા વૃક્ષો વાવેલ છે તેમજ સોસાયટીનું ફોરવ્હીલર પાર્કીંગ પણ છે. તેમજ બાળકો અહીં રમત ગમત કરે છે. અકસ્માતનો ભય તેમને રહેતો નથી.અમો અહીં કુલ ૮૯ પ્લોટ/મકાન ધારકો છીએ.રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ટી.પી.સ્કીમ (ડ્રાફ્ટ)માં એસઇડબલ્યુએસએચ (પ્લોટ નં. ૧૯/એ) માં આવાસ યોજના બનાવવાનું પ્લાનીંગ કરી રહેલ છે, અહીં જો આવાસ યોજના બનાવવામાં આવશે તો અમોના આ પ્લોટમાં જે ગ્રીનરી, પાર્કીંગ, ચીલ્ડ્રન પ્લે એરીયા આવેલ છે નષ્ટ થશે,અહીં જો આ પ્લોટમાં આવાસ યોજના બનાવવામાં આવશે તો અમો તેમના નજીકના રહેવાસીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે.કોઠારીયા તાલુકા શાળાની બાજુમાં ઘણી મોટી જગ્યા છે તથા કોઠારીયા સર્વે નં. ૩૫૨ નો મોટો ખરાબો આવેલ છે જયાં ઘણી મોટી હાઉસીંગ સોસાયટી તથા કોમર્શીયલ બાંધકામ પણ થઇ શકે તેમ છે તેમજ આ મોટી જગ્યા હોય અહીં મોટી જગ્યાનો સારો ઉપયોગ થઈ શકે તેમ છે.આમ ઉપરોકત મુદદાઓ ધ્યાને લઇ અમો સોસાયટીના રહેવાસીઓની નમ્ર અરજ છે કે અહીં આવાસ યોજના ન બનાવવામાં આવે અને અન્યત્ર બનાવવામાં આવે.

## તંત્રી લેખ

# રૂપિયા વગરનો વ્યવહાર દુનિયા બદલાવી દેશે?

બદલાવ એ સમયની માંગ છે. જો સમય સાથે તાલ મેળવવા બદલાવ ન કરવામાં આવે તો પતનની શરૂઆત થઈ જ જાય છે. જેને ધ્યાને લઈને માનવજાતિએ પણ ઘણા પરિવર્તન કર્યા છે. એક સમય એવો હતો કે તેમાં વસ્તુના બદલામાં વસ્તુ મળતી હતી. અને હવે દુનિયા ક્યાંની ક્યાં પહોંચી ગઈ છે. હવે ડિજિટલ કરન્સીનો જમાનો આવી ગયો છે. માણસને ક્યાંય પણ પૈસા સાથે રાખવાની જરૂર જ પડતી નથી. આમ માણસે પોતાની સરળતા માટે અનેકવિધ નવા નવા વિનિમયના પ્રકારો શોધી કાઢવાની કુચ ચાલુ જ રાખી છે.

શરૂઆતના તબક્કે જ્યારે વિનિમય વ્યવસ્થા શરૂ થઈ ત્યારે લોકોએ બાર્ટર અપનાવ્યું હતું. સામાજિક વ્યવસ્થા પ્રમાણે જે લોકો જે વસ્તુનો વ્યાપાર કરતા હોય તે વસ્તું જરૂરિયાતની વસ્તુ મેળવવા માટે એક્સચેન્જ કરતા હતા. ત્યારબાદ કરન્સીનું ચલણ આવ્યું હતું. જેમાં રૂપિયો આવ્યો ત્યારથી માણસ રૂપિયાવાળો કહેવાવા લાગ્યો હતો. હાલ સુધી કરન્સીનું ચલણ યથાવત રહ્યું છે. જ્યારે હવે પ્લાસ્ટિક કરન્સી પણ ધૂમ મચાવી રહી છે. જેમાં ડેબિટ કાર્ડ- ક્રેડિટ કાર્ડનો સમાવેશ થાય છે. હવે જેની શરૂઆત થઈ છે તે આવતા દિવસનું ચલણ એટલે આર્ટિફિશિયલ કરન્સી ક્રિપ્ટોકરન્સી. જે આવનાર સમયમાં ખૂબ ચલણમાં આવવાની છે. હવે ભવિષ્યમાં રોકડની લેતી દેતી કરવી નહીં પડે તે પણ નિશ્ચિત છે.

આ ઉપરાંત બીજી બાજુ ડિમેટ એકાઉન્ટ આવી ગયા એટલે ફિઝિકલ શેરનો જમાનો પણ ચાલ્યો ગયો. હાલના સમયમાં ક્રિપ્ટોકરન્સીનો ક્રેઝ વધ્યો છે. ફિઝિકલની જગ્યાએ ડિજિટલ કરન્સી તરફ મોટાભાગના દેશો વળ્યાં છે. જેમાંથી ભારત પણ બાકાત નથી. ના ના કરતે પ્યાર તુમ્હી સે કર બેઠે ફિલ્મી ગીતની જેમ ભારતે પણ ના ના કરતા ડિજિટલ કરન્સી તરફનો રૂખ અપનાવી લીધો છે. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ આ અંગે મહત્વનું નિવેદન આપ્યું હતું અને આરબીઆઇ પોતાની ડિજિટલ કરન્સી અમલમાં મૂકશે તેવા સંકેતો આપ્યા હતા.

આજના ડિજીટલાઈઝેશનના યુગમાં આ જરૂરી પણ છે તો સામે તેની નકારાત્મક અસરો પણ છે. ડિજિટલ સેવાઓનો વ્યાપ વિસ્તાર વધ્યો તો છે પણ આ સાથે તેની સામે સાયબર સુરક્ષાનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. હેકિંગના બનાવ વધ્યા છે. જો બેંકો રૂપિયા વગરની થઈ જાય એટલે કે બેન્કિંગ સુવિધા સંપૂર્ણપણે ડિજિટલી જ બની જાય તો એ સારું તો છે જ પણ આ સાથે ડિજિટલ નાણાં ચોરાવાના કે હેકિંગનો ખતરો પણ સામે એટલો જ છે. જો કે હાલ નિષ્ણાંતો આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ તેમજ બ્લોકચેઈન ટેકનોલોજી મારફત સાયબર સુરક્ષા વધુને વધુ મજબૂત બનાવવા તરફ કામ કરી રહ્યા છે. આમ, આગામી સમયમાં બેંકો જાણે સમાપ્ત થઈ જાય તેમ ટોટલી ડિજિટલ બની જશે.

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

### ટાટા કેમિકલ્સ લિમિટેડ અને નિરામય ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી

# 'એનિમિયા મુક્ત ઓખામંડળની' શરૂવાત કરાઇ



(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુર તા.૨૬

ટાટા કેમિકલ્સ લિમિટેડ અને નિરામય ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ચાલતા પ્રોજેક્ટ વ્રુદ્ધિ હેઠળ 'એનિમિયા મુક્ત ઓખામંડળની' શરૂવાત કરવામાં આવેલ છે. જેનું મુખ્ય કાર્ય આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત બનાવીને સગર્ભાવસ્થા દરમિયાન થતા એનિમિયાને દૂર કરવુ છે. સમગ્ર ઓખામંડળ તાલુકાની તમામ મહિલા આરોગ્ય કર્મચારીઓને સગર્ભાવસ્થા દરમિયાન એનિમિયાની વહેલી તપાસ અને સમયસર સારવાર માટે ડિજિટલ હિમોગ્લોબિનોમીટર, માઇક્રોક્યુવેટ્સ અને જરૂરી સાધનો પુરા પાડવામાં આવેલ છે.આ પહેલનુ બીજુ પરિબળ ૧૫૦૦ જેટલી એનિમિક કિશોરીઓની સારવાર કરવાનું છે. આ પરિબળના એક નવીન પ્રયાસમાં સફળ પરિણામો માટે પ્રોત્સાહનો તેમજ સારવારની દેખરેખ માટે સેલ્ફ હેલ્પ ગ્રૂપનો સમાવેશ કરવામા આવેલ છે.રાષ્ટ્રીય 'એનિમિયા મુક્ત ભારત કાર્યક્રમ' સાથે સંલગ્ન પહેલની ૧૫ જૂન, ૨૦૨૪ ના રોજ દ્વારકા ખાતે શરૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અધિક નિયામક (કુટુંબ કલ્યાણ) ડો. એન.પી. જાની; મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ડો. મિતેશ ભંડેરી; ઓખામંડળ તાલુકાનાં મહિલા આરોગ્ય કાર્યકરો અને ટાટા કેમિકલ્સના પ્રતિનિધિ હરીશ ગંગારામણી, એન્જિનિયરિંગ સર્વિસના વડા; ડો. સંજીવ ભટનાગર, ટાટા હોસ્પિટલ મીઠાપુરના મુખ્ય આરોગ્ય અધિકારી; મુકેશ બાબુ સોલંકી, હેડ - સિ . એ સ . આ ર . , ટી.સી.એસ.આર.ડી. અને ટી.સી.એસ.આર.ડી.ની ટીમની સહભાગિતા જોવા મળી હતી.

# ગ્રામસેવક ભરતી નિયમોમાં કૃષિ વિષયક ડિપ્લોમા અભ્યાસક્રમોને સમાવેશ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

ગ્રામસેવક તેમજ ખેતી મદદનીશ ભરતી નિયમોમાં કૃષિ વિષયક ડિપ્લોમાના કૃષિ ડિપ્લોમા અભ્યાસક્રમ સિવાય અન્ય નામો ધરાવતા મૂળ કૃષિ ક્ષેત્રના જ ઘણા કૃષિ વિષયક ડિપ્લોમા અભ્યાસક્રમોને લાયક ગણવામાં આવતા ન હતા,આ માટે વિદ્યાર્થી નેતા અને યુવા અગ્રણી ભાવેશ સોલંકી દ્વારા ઘણા લાંબા સમયથી યોગ્ય પ્લેટફોર્મ પર પદ્ધતિસરની લડત ચાલી રહી હતી,જેમાં અગાઉ ગ્રામસેવક ભરતી નિયમોમાં કૃષિ વિષયક ડિપ્લોમા અભ્યાસક્રમોને સમાવેશ કરાવવામાં ભાવેશ સોલંકીને સફળતા મળી હતી,ત્યારબાદ ખેતી મદદનીશ ભરતી નિયમોમાં ACBM સહિતના કૃષિ વિષયક ડિપ્લોમાં અભ્યાસક્રમોનો સમાવેશ ન થતા ભાવેશ સોલંકીએ લડત ચાલુ રાખી હતી,સચોટ અને યોગ્ય પ્લેટફોર્મ પર યોગ્ય તર્ક અને આધારભૂત પુરાવાઓ સાથે સતત રજૂઆતો કરવાથી જાહેર થયેલ ખેતી મદદનીશ ભરતી નિયમોમાં ACBM સહિતના કૃષિ વિષયક ડિપ્લોમા અભ્યાસક્રમોને સમાવેશ કરવામાં આવતા ડિપ્લોમાના વિદ્યાર્થીઓએ ભાવેશ સોલંકીને અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે ભાવેશ સોલંકીએ સબંધિત વિભાગો,મંત્રીઓ અને તત્કાલીન તેમજ વર્તમાન મુખ્યમંત્રી દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી કૃષિ વિષયક ડિપ્લોમા અભ્યાસક્રમોને સમાવવામાં આવ્યા એ બદલ આભાર વ્યક્ત કર્યો હતો,અને સાથે જ ખેદ વ્યક્ત કર્યો હતો કે યોગ્ય રજૂઆત,મૂળ કૃષિ ક્ષેત્રના અભ્યાસક્રમો,ખુદ કૃષિ મંત્રીની અધ્યક્ષતામાં ઠ રા વ ( ૨ ૦ ૧ ૮ ના વર્ષમાં)થયો હોવા છતાં ૨૦૧૬-૧૭ થી ૨૦૨૪ સુધી સતત લેખિત અને રૂબરૂ રજૂઆતો કરવી પડતી હોઈ અને એટલા લાંબા સમયે ન્યાય મળવો એ દે શ , રા જ ય , રા જ ય ના વિદ્યાર્થીઓ અને દેશના યુવાધન માટે દુઃખદ અને અન્યાયકર્તા બાબત કહી શકાય(ન્યાય યોગ્ય સમયે ન મળે તો એ પણ અન્યાય છે).તેમ જણાવ્યુ છે.

# રાજકોટ નાગરિક બેંકના વાચન પરબના ૮૦મા મણકામાં ભાણદેવ લિખિત 'અમૃત મહાભારત'ની રસપ્રદ રજુઆત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

સામાજિક ઉત્તરદાયિત્વને અગ્રેસર રાખી કાર્ય કરતી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં વાચનપરબ સફળતાપૂર્વક ચાલી રહી છે. દર માસના ત્રીજા શનિવારે સાંજે ૬.૩૦ કલાકે પ્રખ્યાત પુસ્તક ઉપર લેખક કે સમર્થ વકતા તે પુસ્તકની રસપ્રદ રજુઆત કરે છે. વાચન પરબના ૮૦ માં મણકામાં તત્વજ્ઞાનમાં એમ.એ. કરનાર, સાધુજીવન જીવતા યોગશિક્ષક અને લોકશિક્ષક, સમાજ હિતચિંતક ભાણદેવજી લિખિત 'અમૃત મહાભારત''ની નિવૃત્ત કૃષિ વૈજ્ઞાનિક, પ્રો. વીરેન્દ્ર ભટ્ટ બેંકની હેડ ઓફિસ 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય' ખાતે રસપ્રદ પ્રસ્તુતિ કરી હતી.

પ્રો. વીરેન્દ્ર ભટ્ટના વકવ્યની એક ઝલક, 'રામાયણ અને ભાગવતની કથાઓ કરતાં મહાભારતની કથા કરવી થોડી જોખમી છે.

કારણ કે અડાબીડ જંગલની અંદર કથાકાર અને શ્રોતાઓ ખોવાઈ જવાની બહુ ભીતિ રહે છે. છતાં પણ ભાણદેવજીએ આ કથા કરી. મહાભારત ફક્ત યુદ્ધ કથા નથી. તેના કુલ ૮૦૦ શ્લોકમાંથી ૨૯ ટકા જ યુદ્ધને લગતા છે. બાકીના ૭૧ ટકા શ્લોક જીવનની હરપળ બનતી ઘટનાઓને હરપળે આગળ વધવા માટેની આપણી જે મહત્ત્વાકાંક્ષા છે.

હર ક્ષણે નવું બનવા માટેનો આપણો ઉન્મેષ છે. એ કેમ બનવું તેનું મેન્યુઅલ છે. આ ગ્રંથમાં એસ્ટ્રોલોજી. ઈતિહાસ. ભૂગોળ, તીર્થો અને દરેક પ્રકારનું વિજ્ઞાન છે. મહાભારત સર્વજનીન છે અને સર્વકાલીન છે. માનવ મનમા જે કંઈ પાસાં છે તેને સ્પર્શ કરવાનો અને ઉજાગર કરવાનો કીમિયો મહાભારતમાં છે.

આ વાચન પરબમાં હર્ષિતભાઈ કાવર, વિનોદ કુમાર શર્મા, પ્રતીકભાઈ કાપડીઆ, ધનજીભાઈ કાવર અને નર્મદાબેન કાવરે વક્તાને પુસ્તક. ખાદીનો રૂમાલ અને ચરખો સ્મૃતિચિહ્ન આપી અભિવાદન કર્યું હતું.

આ વાચન પરબમાં હર્પિતભાઈ કાવર (કો-ઓપ્ટ ડિરેક્ટર), વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઈઓ), શાખા વિકાસ સમિતિના સદસ્યો, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સરળ અને સફળ સંચાલન ધનંજય દત્તાણીએ કર્યું હતું.તેમ જણાવ્યુ છે.

# પ્રોજેટ્ક મુસ્કાન અને મેજીક બોક્સની માહિતી આપતા રૂપલબેન રાઠોડ




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

તાજેતરમાં પ્રોજેક્ટ મુસ્કાનનાં ફાવુંન્ડર રૂપલબેન રાઠોડ દ્વારા ડેપ્યુટી કલેક્ટરની શુભેચ્છા મુલાકાત લેવાયેલ. જેમાં ડેપ્યુટી કલેક્ટર ડો. ચાંદનીબેન પરમારને પ્રોજેટ્ક મુસ્કાન અને મેજીક બોક્સની માહિતી આપવામાં આવેલ. છેલ્લા ૬ વર્ષથી મેંગોપીપલ પરીવાર દ્વારા શરુ કરાયેલ પ્રોજેક્ટ મુસ્કાન ચલાવતા રૂપલબેન રાઠોડ દ્વારા સુંદર માહિતી આપેલ. ઉપરાંત ભવિષ્યમાં બીજા પ્રોજેક્ટ વિશેની પણ ચર્ચા કરેલ. મદદનીશ જાહેર માહીતી અ ધિ કા રી એમ.ડી.ભાલોડીનો સુંદર સહયોગ મળેલ.અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર સંસ્થા છેલ્લા ૧૦ વર્ષથી ઝુપડપટ્ટી અને સ્લમવિસ્તારોના બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ સંસ્થા છે.મેંગોપીપલ પરીવાર ઝુપડપટ્ટીના બાળકોને નિઃશુલ્ક એજ્યુકેશનની સાથે સાથે જ્ઞાન સાથે ગમ્મત અને શુદ્ધ પોષ્ટિક નાસ્તો પણ આપે છે.

મેંગોપીપલ પરીવાર દ્વારા શરુ કરાયેલ પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા છેલ્લા ૬ વર્ષથી છેવાડાની બહેનો દીકરીઓને દર મહિને નિઃશુલ્ક સેનેટરી પેડ તથા નિઃશુલ્ક અંડરગારમેન્ટ પણ પહોંચાડે છે.તેમ જણાવ્યુ છે.

# મહાત્મા ગાંધી મ્યુઝિયમના આંગણે એક અનોખું પ્રદર્શન યોજાયું




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

ઈન્ડીયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (INTACH) એ ભારતના સાંસ્કૃતિક વારસા અને વિસરાતી જતી વિરાસત માટે કામ કરતી એક સ્વાયત્ત સંસ્થા છે જેના રાજકોટ ચેપ્ટર દ્વારા તારીખ ૨૧ થી ૨૩ જૂન એક સુંદર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન પ્રભાવ જોષી IAS, રાજકોટ જિલ્લા કલેક્ટર અને ડો. નવનાથ ગવહાણે IAS, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભાવ જોષીએ પ્રદર્શન નિહાળી ને કહ્યું કે 'સમગ્ર દેશના સમૃદ્ધ વારસાની જાળવણીના સફળ પ્રયાસો જોઈને ખૂબ જ આનંદ થયો હતો'. આ પ્રદર્શનમાં INTACH સંસ્થાની ૨૩૧ શાખા દ્વારા છેલ્લા ૪૦ વર્ષમાં કરાયેલ સાંસ્કૃતિક જાળવણીના કાર્યની નોંધ, વિગત, ફોટો તેમજ માહિતી પ્રદર્શિત કરવામાં આવેલ. આ પ્રદર્શનમાં મુખ્યત્વે દેશભરના વિવિધ રાજ્યો અને જિલ્લા,ગામમાં આવેલ સ્થાપત્ય, શિલ્પ, બાંધકામ તેમજ નૃત્ય, નાટ્ય, સંગીત અને હાથવણાટ જેવી પરંપરાગત શૈલીની કલાઓ અને કલાકારો તેમજ સ્થાપત્યના જતન અંગે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ તેની વિસ્તૃત દસ્તાવેજી માહિતી રજૂ કરવામાં આવેલ.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવહાણેએ રાજકોટ શહેર તથા જિલ્લાની જાનતા ને અપીલ કરતા કહ્યું કે 'આપણા અમૂલ્ય વારસોને સાચવવાની જવાબદારી આપણી સહુને છે. જ્યારે INTACH ભારતના પ્રખ્યાત વારસાને બચાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે આપણે સહુ એ એમને આપણા થી બનતો સાથ આપવો જોઈએ'. આ પ્રદર્શન શહેરના અનેક કલાકાર મિત્રો, ચિત્રકારો, સ્થાપત્ય પ્રેમીઓ, આર્કિટેક્ટ, શિક્ષકો સહિત અંદાજે ૩૦૦ થી વધુ લોકોએ માણ્યું હતું.

આ પ્રદર્શન ના ઉદઘાટન પ્રસંગે ખાસ દિલ્હીથી હેરિટેજ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન સર્વિસ (HECS INTACH) ડિપાર્ટમેન્ટના વડા પૂર્ણિમાબહેન દત્ત ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ જાણીતા ઈતિહાસવિદ ડો.પ્રદ્યુમન ખાચર , શિક્ષણવિદ અને સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડી વી મહેતા, રોઝરી ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન ટ્રસ્ટી ડો. વિશાલ વારીયા તેમજ ખ્યાતનામ શિલ્પકાર તથા પ્રિન્ટ મેકર જયેશભાઇ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર અને INTACH સભ્ય ડો. અનામિક શાહ આ પ્રદર્શનની રાજકોટના લોકો પર ખૂબ જ હકારાત્મક અસર થવાની આશા રાખે છે. આ તબક્કે રાજકોટ પોર્ટ્રેટ ક્લબના પ્રતિનિધિઓએ તેમની કલાનું અદભૂત પ્રદર્શન પણ કર્યું.

INTACH રાજકોટના કન્વીનર આર્કિટેક્ટ રિદ્ધિ શાહ, રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમિન ભાઈ ઠાકર તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી રાજકોટમાં આ પ્રવૃત્તિ અર્થે મહાત્મા ગાંધી મ્યુઝિયમ માં અનુકૂળ જગ્યા આપવા બદલ આભાર વ્યક્ત કરે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ પ્રદર્શન નો મુખ્ય હેતુ એ છે કે 'રાજકોટના લોકોમાં હેરિટેજ અને જાળવણી અંગેની જાગૃતિ વધે અને સતત કલાક્ષેત્રે પ્રવૃત્તિમય એવા આ શહેરના લોકો વધુને વધુ વારસા અને સાંસ્કૃતિક જતનમાં પોતાનું યોગદાન આપે'. પ્રદર્શનનું સમાપન કરતા, રાજકોટ ચેપ્ટર કન્વીનર રિદ્ધિ બેન આ પ્રદર્શન ની સફળતા માટે તેમના ટીમના સભ્યો અભિષેક પાનેલીયા, મિતેશ જોષી, હિતેશ ખીમાણીયા, મનોજ ગોહિલ, હેમાંગી પટેલ, ખુશ્બુ ખુંટ, નિયતી શાહ, ચેતસ ઓઝા, પાર્થ, પાલ, મુસ્કાન, માનવ, નરેન્દ્ર અને અદિતિનો આભાર માને છે.તેમ જણાવ્યુ છે.

# દારૂના ગુન્હામાં આરોપી આગોતરા જામીન મુક્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૨૬

પ્ર.નગર પોલીસ સ્ટેશનનાં કર્માચારીઓ પેટ્રોલિંગ માં હતા ત્યારે તેઓ ને બાતમી મળેલ કે સોમનાથ ટ્રાવેલ્સની ઓફીસની બાજુની શેરીમાં દરગાહ પાસે બે ઈસમો એક સફેદ કલરની માલવાહક ગાડીમાં ગેરકાયદેસર દારૂની પેટીઓની હેરાફેરી કરતા હોઈ તેવી ચોક્કસ રાહે બાતમી મળેલ પોલીસના કર્મચારીઓ બાતમી સ્થળે પહોચતા દરગાહની બાજુમાં બંધ શેરીમાં રેઈડ કરતા જીજે-૦૩-બીવાય-૪૮૧૯ સુપર કેરી ગાડી જોવામાં આવતા પોલીસ દ્વારા ગાડી ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની બોટલો નો મોટો જથ્થો મળી આવેલ જે અંગે ની તપાસ કે પરમીટ અંગે ત્યાં હાજર આરોપીઓને પૂછતા તેઓ કોઈ કાગળો રજુ નહિ કરી શકતા પોલીસ દ્વારા તેઓની ધરપકડ કરી તેઓને ઉપરોક્ત જથ્થો કોને હોઈ કોના પાસે થી લાવેલ હોઈ તે અંગે પૂછતા જગદીશ તાણીયા નામનાં શખ્શનું નામ ખૂલેલ જેને રાજકોટ સેશન્સ કોર્ટ માં આગોતરા જામીન અરજી કરેલ નામંજૂર થતા તેના વકીલ દ્વારા હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરતા તે જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ.

ઉપરોક્ત કામમાં હાઈકોર્ટમાં વકીલ તરીકે દર્શિતભાઈ કામદાર તેમજ અ જી ત ભા ઈ પરમાર,હુસેનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, શક્તીભાઈ ગઢવી,રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઈઝાનભાઈ સમા તથા અંકીતભાઈ ભટ્ટ રોકાયેલ હતા.

# ‘કોઇનો દોષ જ ન જોવો, ૧૦૦ અવગુણમાંથી પણ ૧ ગુણ ગ્રહણ કરી લેવો’ : પૂ.મહંતસ્વામી મહારાજ

## ઘરસભા એ પારિવારિક શાંતિનો રાજમાર્ગ – સુહૃદભાવ દિને મળ્યા પારિવારિક સમસ્યાઓના સમાધાન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુવર્ય પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ સર્વે હરિભક્તોને તેમની કરુણાવર્ષાથી તા. ૧૪ જૂનથી ભીંજવી રહ્યા છે, આ પ્રેમવર્ષા તા. ૧૦ જુલાઇ સુધી પ્રાપ્ત થશે. તેઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં પ્રતિદિન પ્રેરણાત્મક અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. આ કાર્યક્રમોની શૃંખલામાં સૌને પોતાના હૃદયમા ઝાંખતા શીખવતો દિન એટલે કે, ‘સુહૃદભાવ દિન’. જે અંતર્ગત યુવાનો દ્વારા પારિવારિક સમસ્યાઓ અને તેનું સમાધાન આપતી એક અનોખી પ્રસ્તુતિ રજૂ થઈ હતી.

ન માત્ર આજના યુગમાં, પરંતુ મનુષ્યજાતિના ઉદ્ભવકાળથી ચાલી આવતી પારિવારિક સમસ્યાના સમાધાન આપતા કાર્યક્રમો આજના સુહૃદભાવ દિનમાં યુવકો દ્વારા રજૂ થયા હતા. જેમાં રમૂજની સાથે સાથે હૃદયદ્રાવક સમસ્યાઓના સમાધાન આપતો અને પરિવારનું પ્રતિબિંબ દર્શાવતો રસપ્રદ સંવાદ પ્રસ્તુત થયો. પિતા-પુત્રના, સાસુ-વહુના, ભાઈ-ભાઈના, પતિ-પત્નીના અનેક સળગતા પ્રશ્નોને દર્શાવીને તેનું એકમાત્ર સમાધાન એવી ઘરસભા વિશે માર્ગદર્શન અપાયું હતું.



વિશ્વમાં સર્વપ્રથમ પારિવારિક સમસ્યાઓનું સરળ અને સચોટ સમાધાન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ‘ઘરસભા’ રૂપે આપ્યું હતું. ઘરસભાએ છૂટાછેડા સુધી પહોંચેલા સબંધોને ફરી સુહૃદભાવથી જોડ્યા છે. જેઓ એકબીજાના ચહેરા જોવા પણ તૈયાર નહોતા તેઓ ઘરસભાના લીધે જીવનભર સાથે રહેવાના વચન આપે છે. સ્વભાવને લીધે સળગતા સબંધોને શાતા આપવાનું કામ ઘરસભાએ કર્યું છે. ખૂટતા ઘર એ સમસ્યા નથી પણ તૂટતાં ઘર એ સમસ્યા છે. પરંતુ ઘરસભા એ પારિવારિક શાંતિનો રાજમાર્ગ છે. આજ રોજ સભામાં ઉપસ્થિત હજારો સંતો-ભક્તોએ સભામાં બેઠા થકા જ એકબીજાના હાથ પકડીને સંપની સાકળ રચી પારિવારિક એકતાનો સંદેશો ઝીલ્યો હતો. સંપીલા પરિવારની ભાવના આજે ઉપસ્થિત તમામ ભક્તોએ દૃઢ કરી હતી.

આજે પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી સુહૃદભાવ દિને તમામ હરિભક્તો માટે ગુણોની પોથી ‘ગુણપોથી’નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ગુણપોથી એ એક એવી ગુણોની પોથી બની રહેશે જે ભક્તોના જીવનમાં સાકર કરતા પણ વધુ મીઠાશ આપશે. પરિવારજનોએ એકબીજાના ગુણો આ ગુણપોથીમાં નોંધવા જે એવું કવચ બનાવી આપશે જેનાથી અવગુણોરૂપી શત્રુ અંદર પ્રવેશ જ નહિ કરે.

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સુહૃદભાવ દિને આશીર્વચન આપતા કહ્યું, ‘ઘરસભા એ પ્રમુખસ્વામી મહારાજે આપેલ સંજીવની છે. પરિવારમાં Who is right પર નહિ પરંતુ What is right પર વિચાર કરીશું તો ઘર ચોક્કસ મંદિર બનશે.’ સભા બાદ ઉપસ્થિત તમામ હરિભક્તો દરેકમાંથી ગુણગ્રહણ અને ભક્તોના ગુણ ગુણપોથીમાં લખવાના સંકલ્પ અને પરિવારમાં ઘરસભા કરવા માટે કટિબદ્ધ થયા હતા.

# કેન્સરની સારવારમાં રેડીયોથેરાપી સટીક અને આશીર્વાદરૂપઃ ડો.ચાંદની શાહ

## કેન્સરની સારવારમાં રેડીયોથેરાપી સટીક અને આશીર્વાદરૂપઃ ડો.ચાંદની શાહ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

કેન્સરની સારવાર મુખ્યત્વેત્રણ રીતે કરવામાં આવે છે. જેમાં કેન્સરની સર્જરી,કિમોથેરાપી (દવાઓ) અને રેડિયોથેરાપી (શેક) રેડિયોથેરાપી જેને સામાન્ય રીતે શેકની સારવાર કહેવામાં આવે છે. તે એક ખુબ જ અગત્યની કેન્સર માટેની સારવાર છે.

તો ચાલો આપણે રાજકોટ કેન્સર સોસાયટીના રેડિયેશન ઓન્કોલોજીસ્ટ ડો.ચાંદની શાહ પાસેથી રેડીયોથેરાપી વિશે ઉદભવતા અમુક પ્રશ્નોના જવાબ મેળવીએ.



**રેડીયેશન એટલે શું ?**

રેડીયેશન એટલે હાઈ એનર્જી વિકિરણો છે જે કેન્સરના કોષોનો નાશ કરવા માટે ઉપયોગમાં આવે છે.રેડીયેશન અતિઆધુનિક મશીનો અને વિશિષ્ઠ પધ્ધતીઓ દ્વારા આપવામાં આવે છે.જે કેન્સરમા પ્રાથમીક અને એકમાત્ર સારવાર અપાય અથવા ઓપરેશન પછી અને કિમોથેરાપી પછી અને તેની સાથે પણ અપાય છે.

**કેન્સરમાં શા માટે રેડીયેશન આપવામાં આવે છે ?**

કેન્સરના કોષોને નાશ કરવા કેન્સરની સારવાર માટે અત્યારની અતિઆધુનિક પધ્ધતીઓથી રેડીયેશન આપવામાં આવે છે તેમાં માત્ર રોગને જ અને રોગના માઈક્રોસ્કોપિક સ્પ્રેડ થઈ શકે તેવા જ ભાગને રેડીયેશન અપાય છે જેનાથી ઓછામાં ઓછી આડઅસર જોવા મળે છે અને સારવાર બાદ જે આડઅસર થાય તેની પણ સારવાર કરવી શક્ય છે.દર્દીની પરિસ્થિતી અને રોગના પ્રકાર પ્રમાણે રેડીયેશન કેટલા પ્રમાણમાં આપવું એ નકકી કરવામાં આવે છે.અમુક કેન્સરના રોગોમાં ઓપરેશન પછી એડજયુવન્ટ સારવાર તરીકે રોગને પાછુ આવતા અટકાવવા માટે પણ અપાય છે.

**બ્રેકીથેરાપી એટલે શું ? અને તેના ફાયદા**

રેડીયેશન વડે સારવારમાં બ્રેકીથેરાપી એ રેડીયેશન નો એક પ્રકાર છે જેમાં રેડીયેશન સોર્સ / નીડલ / એપ્લિકેટર ને શરીરના જે ભાગમાં કેન્સર હોય તે ભાગની અંદર મુકી એ જ કેન્સરગ્રસ્ત જગ્યાએ રેડીયેશન આપવામાં આવે છે.આ બ્રેકીથેરાપીની સારવાર રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ હોસ્પિટલ) ખાતે ઉપલબ્ધ છે.આ રેડીયેશન થેરાપી શરીરના મુખ્યત્વે બહારના શેક પછી બુસ્ટ તરીકે અથવા અમુક કેન્સરમાં પ્રથમ સારવાર તરીકે આપવામાં આવે છે.જેમાં ગર્ભાશય,ગર્ભાશયના મુખ અને અન્નળીના કેન્સરમાં બુસ્ટ તરીકે આપવામાં આવે છે.મોઢાના હોઠના કેન્સરમાં, સાર્કોમાં માં પ્રાથમિક સારવાર તરીકે પણ આપવામાં આવે છે.

**શું રેડીયેશન ની આડઅસર થાય ?**

રેડિયોથેરાપી વિશે સામાન્ય માણસોમાં ખુબ જ ગેરસમજ હોય છે, લોકોનું માનવું છે કે શેકની સારવાર લેવાથી તે ગરમ પડે,આખા શરીરના વાળ ઉતરી જાય છે, બિમારીના અંતિમ તબકકામાં જ આપવામાં આવે છે.આ બધી માન્યતાઓ બિલકુલ પાયા વિહોણી છે.

રાજકોટ કેન્સર સોસાયટીના રેડિયેશન ઓન્કોલોજીસ્ટ ડો.ચાંદની શાહે જણાવ્યુ કે આજના સમયમાં અનેકવિધ સારવારની પધ્ધતીઓ અને અતિઆધુનિક મશીનોના મદદથી ઓછામાં ઓછી આડઅસર સાથે કેન્સરની સારવાર શક્ય છે.

# જેતપુર શહેર અને તાલુકા ખાતે ‘એક પેડ મા કે નામ’ કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજાઇ

## જીલ્લા ઇન્ચાર્જ મનોજ રાઠોડ દ્વારા કાર્યક્રમની માહિતી અપાઈ



રાજકોટ : જેતપુર શહેર અને તાલુકા ખાતે એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં જેતપુર વિધાનસભાના વિસ્તારના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, જીલ્લા ભાજપ મંત્રી અને આ કાર્યક્રમના જીલ્લાના ઇન્ચાર્જ મનોજ રાઠોડ, જીલ્લા ઉપપ્રમુખ બિંદીયાબેન મકવાણા સહીતના જીલ્લા તેમજ તાલુકાના હોદેદારો ઉપસ્થિતિમાં જીલ્લા ઇન્ચાર્જ મનોજ રાઠોડ દ્વારા ઉપરોક્ત કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી.

# MSMEs માટે નિકાસની તકોમાં વધારો કરવા અંગે માર્ગર્શન આપતો સેમીનાર યોજાયો




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુક્ત ઉપક્રમે Enhancing Export Opportunities for MSMEs in Saurashtra Region અંગે સેમિનાર યોજવામાં આવેલ. સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી MSME એકમો નિકાસમાં વૃધ્ધિ કઈ રીતે કરી શકે તેમજ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે અને નિકાસ દરમ્યાન પડેતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવી શકાય તે શુભ આશયથી આ સેમિનાર યોજવામાં આવેલ છે. સંસ્થા દ્વારા વિવિધ સેકટરને લગતા અલગ-અલગ અવૈરનેશ સેમીનરો યોજવામાં આવે છે તો તેનો ખાસ લેવા જણાવેલ.

રાજકોટ જોઈન્ટ ડીજીએફટી રોહિત સોનીએ નિકાસકારોને ડીજીએફટી તરફથી અલગ અલગ સ્કિમોમાંથી મળવાપાત્ર લાભ જેવા કે, ફોરેન ટ્રેડ પોલીસી, નિર્યાત બંધુ સ્કિમ, સ્ટેટસ હોલ્ડર સર્ટીફિકેટ, ઈન્ટરેસ્ટ ઈકવલાઈઝેશન સ્કિમ ઓન પ્રિ એન્ડ પોસ્ટ શિપમેન્ટ, માર્કેટ એકસેસ ઈનીસેટીવ સ્કિમ, ઓથોરાઈઝડ ઈકોનોમિક ઓપરેટર તેમજ નિકાસમાં રહેતી તકો-પડકારો અને આગામી સમયમાં ધ્યાનમાં રાખવા જેવી વિવિધ બાબતો અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

MSME DFO રાજકોટના આસીસટન્ટ ડાયરેકટર સ્વાતી અગ્રવાલએ MSME ડિપાર્ટમેન્ટની વિવિધ સ્કિમો જેવી કે, પ્રધાનમંત્રી એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ, ક્રેડિટ ગેરન્ટી સ્કિમ ફોર MSE, કલ્સ્ટર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય એકઝીબીશનોમાં મળતા લાભ, ઉદ્યમ રજીસ્ટ્રેશન તથા ZED સર્ટીફિકેટ દરેક એકમોએ ખાસ લેવા અંગે માહિતી આપેલ. ત્યાબાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઈન્ડસ્ટ્રીઝ ઓફિસર જયદિપ ફળદુએ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોના વર્ગીકરણનો ખ્યાલ આપી Aatmanirbhar Gujarat Schemes for Assistance to MSMEs અંગેની માહિતી આપેલ.

SIDBI રાજકોટના એજીએમ મનિષ શકયાએ SIDBI દ્વારા વિવિધ સ્કિમો અંતર્ગત એકમોને આપવામાં આવતી લોનની માહિતી આપેલ. તેમજ એક્ષપોર્ટ ઈમ્પોર્ટ બેન્ક ઓફ ઈન્ડિયા મુંબઈના ચીફ મેનેજર શ્રૃતિ શીંદેએ બેન્કની વિવિધ સવલતો અને ઉભરતે સિતારે પ્રોગ્રામ અંગે જાણકારી આપેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ASSOCHAM ગુજરાત કાઉનસીલ MSME કમિટીના ચેરમેન પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરી વેપાર-ઉદ્યોગકારોને કોઈપણ પ્રશ્ન કે સુચન હોય તો મોકલી આપવા જણાવેલ. સમગ્ર સેમિનારનું સંચાલન ASSOCHAM ગુજરાત કાઉનસીલના આસીસ્ટન્ટ ડાયરેકટર દિર્ઘકુમાર સોનીએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# શહેર ભાજપ દ્વારા ‘‘એક પેડ માં કે નામ’ વૃક્ષારોપણ અભિયાનની શરૂઆત કરાવતા મુકેશ દોશી




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

તા.૨૩ જૂન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગતથી સેવાકીય કાર્યક્રમો આગામી તા. ૬ જુલાઈના તેમના જન્મ દિવસ સુધી પ્રદેશ ભાજપની યોજના અનુસાર વિવિધ કાર્યક્રમો જેવાં કે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની પુષ્પાંજલીનો કાર્યક્રમ, યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશનનો કાર્યક્રમ, મીસાવાસઓનું સન્માન કરવાનો કાર્યક્રમ, ‘‘ એક પેડ માં કે નામ‘‘ અભિયાન અંતર્ગત ભાજપના દરેક શ્રેણીના કાર્યકર્તાઓ તબકકાવાર આજથી તા.૨૬ જૂન થી ૬ જુલાઈ સુધી વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવશે. આ તકે આજરોજ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ વૃક્ષ આરોપણ કરી આ અભિયાનની શરૂઆત કરવામાં આવેલ હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ જણાવ્યું હતું કે આજે કુદરતી વાતાવરણમાં જે રીતે બદલાવ આવ્યો છે અને વાતાવરણમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે અને દેશની આબોહવામાં ધરખમ ફેરફાર થઈ રહયો છે ત્યારે આપણી ફરજ છે કે પર્યાવરણનું સંરક્ષણ કરવા આ ચોમાસામાં વધુને વધુ વૃક્ષો ઉગાડી અને તેનું જતન કરી દેશમાં બદલાઈ રહેલા વાતાવરણમાં આપણો ફાળો નોંધાઈ શકે તે માટે આ યોજના અંતર્ગત ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાને આ અભિયાનમાં જોડાવાનો અનુરોધ કરવામાં આવેલ હતો.

# રાજકોટ જિલ્લા સહિત રાજયમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

## ત્રણ દિવસમાં ૩૨.૩૩ લાખ ભૂલકાઓને અપાશે પ્રવેશઃ રાજયના મંત્રીઓ-પદાધિકારીઓ, આઈએએસ, આઈપીએસ સહિત ૩૬૭ અધિકારીઓ પ્રવેશોત્સવમાં સહભાગી




રાજકોટ,તા.૨૬

રાજકોટ જિલ્લા સહિત રાજયભરમાં આજથી ૨૧માં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. આ પ્રવેશોત્સવ દરમિયાન રાજયમાં ૩૨.૩૩ લાખ બાળકોના નામાંકન થશે.

જેમાં આજે પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડાંગ જિલ્લાના અંતરિયાળ સરહદી ગામ બિલીઆંબામાં બાળકોના નામાંકન કરાવેલ હતા. પ્રવેશોત્સવમાં વિધાનસભાના અધિક્ષક સહિત રાજયના મંત્રીઓ, પદાધિકારીઓ, આઈએએસ, આઈપીએસ તેમજ વર્ગ-૧ના ૩૬૭ અધિકારીઓ જોડાયા છે. પ્રવેશોત્સવ દરમિયાન રાજકોટ જિલ્લામાં બાલવાટીકાઓમાં ૧૨૯૫૯ અને ધો.૧માં ૩૫૯૧ જેટલા વિદ્યાર્થીઓના નામાંકન થશે.

આ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રથમ દિવસે વનવાસી ડાંગ જિલ્લાના સરહદી ગામ બિલિઆંબાની શાળામાં બાળકોનું નામાંકન કરાવેલ હતું.

મુખ્યમંત્રી બિલિઆંબા પ્રાથમિક શાળામાં ૨૪ બાળકોને ધોરણ-૧માં, ૨૧ બાળકોને બાલવાટિકામાં અને ૭ ભૂલકાંઓને આંગણવાડીમાં પ્રવેશ અપાવ્યો હતો.

મુખ્યમંત્રી આવતીકાલે તા. ૨૭ જૂનના છોટાઉદેપુર તાલુકામાં અને અંતિમ દિવસ તા. ૨૮ જૂને સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકામાં શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થશે. રાજ્યમાં દૂરદરાજના અંતરિયાળ ગામો સુધી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત કરવાના આ શિક્ષણ સેવા યજ્ઞમાં વિધાનસભા અધ્યક્ષ સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ તેમજ IAS, IPS, IFS સહિત વર્ગ-૧ ના કુલ મળીને ૩૬૭ ઉચ્ચ અધિકારીઓ વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહી બાળકોનો શાળા પ્રવેશ કરાવશે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી બનાસકાંઠા જિલ્લામાં, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લામાં, આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ મહેસાણા જિલ્લામાં, કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ રાજકોટ જિલ્લામાં, ઉદ્યોગ તથા શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત પાટણ જિલ્લાના સિદ્ધપુર અને સરસ્વતી તથા બનાસકાંઠાના પાલનપુર ખાતે, જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા ભાવનગર જિલ્લામાં, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા જામનગર જિલ્લા ખાતે, આદિજાતિ મંત્રી કુબેરભાઈ ડીંડોર મહીસાગર જિલ્લામાં અને મહિલા તથા બાળકલ્યાણ મંત્રી ભાનુબહેન બાબરીયા નર્મદા જિલ્લા ખાતે પ્રવેશોત્સવમાં સહભાગી થયા છે.

રાજ્યકક્ષાના મંત્રીઓમાં, ગૃહ અને રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવી સુરતમાં, સહકાર અને લઘુ ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા ખેડા જિલ્લા ખાતે, મત્સ્યોદ્યોગ અને પશુપાલન મંત્રી પરષોતમભાઈ સોલંકી ભાવનગર જિલ્લામાં, પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ દાહોદ જિલ્લામાં, વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ સુરત અને નવસારી ખાતે, શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા જૂનાગઢમાં, આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજીભાઈ હળપતિ તાપી જિલ્લા ખાતે શાળા પ્રવેશોત્સવમાં જોડાશે.

આ ઉપરાંત ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડકઓ પણ શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થવાના છે, તેમાં બાળકૃષ્ણ ખંડેરાવ શુક્લ વડોદરામાં, જગદીશ મકવાણા સુરેન્દ્રનગર ખાતે, કૌશિકભાઈ વેકરિયા અમરેલીમાં, રમણભાઈ સોલંકી આણંદ ખાતે અને વિજયભાઈ પટેલ ડાંગમાં બાળકોને શાળા પ્રવેશ કરાવશે.

સમગ્ર રાજયમાં આ ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમિયાન કુલ ૩૨.૩૩ લાખ બાળકોનું શાળા નામાંકન કરવામાં આવશે. તેમાં બાલવાટિકામાં પ્રવેશપાત્ર ૧૧.૭૩ લાખ, ધોરણ-૧માં પ્રવેશપાત્ર ૩.૬૨ લાખ, ધોરણ-૮ થી ૯માં પ્રવેશપાત્ર ૧૦.૩૫ લાખ અને ધોરણ-૧૦ થી ૧૧માં પ્રવેશપાત્ર ૬.૬૧ લાખ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવમાં પ્રવેશ અપાશે.

## અવસાન નોંધ

રાજકોટઃ મુકતાબેન છગનલાલ વસાણીનાં પુત્ર પ્રફુલચંદ્ર વસાણી તે પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમનાં ટ્રસ્ટી પ્રવિણભાઈનાં નાના ભાઈ તથા સુરેશભાઈ, ભરતભાઈ, ભગવાનજીભાઈ, ભાવેશભાઈ વસાણીનાં બંધુ તેમજ દિપાલીબેનનાં પતિ, રાજ,પલ્લવનાં પિતા તથા રમેશચંદ્ર જમનાદાસ રાજા (જુનાગઢ)નાં જમાઈ તા.૨૪-૬-૨૦૨૪ને સોમવારનાં રોજ અવસાન થયું છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા.૨૭-૬-૨૪ ગુરુવારે બપોરે ૫-00 થી ૬.30 શ્રી રાષ્ટ્રીયશાળા મધ્યસ્થ હોલ, રાજકોટ ખાતે રાખેલ છે ત્યારબાદ લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

# કટોકટી સમયના યોદ્ધા નરેન્દ્ર મોદીએ કાળા કાયદા સામે જબ્બર લડત આપી હતી

## ઈમરજન્સી વખતે તેમની ઉંમર ૨૫ વર્ષ હોવા છતાં તેમનાં સંગઠનાત્મક કૌશલ્યો સોળે કળાએ ખીલી ઊઠ્યાં હતાં

### કાળા દિવસનાં રોમાંચક સ્મરણો

૨૫ જૂન-૧૯૭૫ એ કાળમૂખો દિવસ હતો જ્યારે કેન્દ્રની આપખુદ ઇન્દિરા ગાંધી સરકારે વિશ્વની સૌથી મોટી લોકશાહી ઉપર કટોકટી (ઈમરજન્સી) લાદી હતી. લોકશાહીનું ગળું દબાવી દેવામાં આવ્યું હતું અને દેશના નાગરિકોના મૂળભૂત અધિકારો ખતમ કરી દેવાયા હતા. ભારતની આઝાદીના સાત દાયકામાં આ ગાળો સૌથી અંધકારમય હતો.





આ સમયગાળા દરમિયાન આરએસએસના ૨૦ વર્ષિય એક યુવાન પ્રચારક અને પોતાના અપવાદરૂપ સંગઠનાત્મક કૌશલ્યો માટે જાણીતા એવા નરેન્દ્ર મોદીએ આ ડ્રેકોનિયન કાળા કાયદા સામે લડત આપવામાં અસાધારણ ભૂમિકા ભજવી હતી. તે સમયે મોટાભાગના સિનિયર નેતાઓ જેલમાં હોવાથી ઈમરજન્સી વિરુદ્ધની ચળવળમાં એકબીજાનું સંકલન કરવાની સઘળી જવાબદારી નરેન્દ્ર મોદીના ખભે આવી પડી હતી અને તેમને પોલીસના હાથે પકડાયા વિના આ જવાબદારી નિભાવવાની હતી. જયપ્રકાશ નારાયણે રાષ્ટ્રીય સ્તરે રચેલી લોક સંઘર્ષ સમિતિના ગુજરાત ખાતેના જનરલ સેક્રેટરી તરીકે નરેન્દ્ર મોદીની નિયુક્તિ કરી હતી. તેમણે ઈમરજન્સી વિરુદ્ધનું તમામ સાહિત્ય છપાવવાની, તેને પ્રસિદ્ધ કરાવવાની, તેનું વિતરણ કરવાની, સત્યાગ્રહનું આયોજન કરવાની, ગુજરાતમાંથી પસાર થનારા રાષ્ટ્રીય નેતાઓ માટે રોકાણની વ્યવસ્થા કરવાની, જેલમાં ગયેલા નેતાઓના પરિવારોની દેખરેખ રાખવાની અને સરકાર વિરુદ્ધ ચાલી રહેલાં આંદોલનને સળગતું રાખવા જેવી અત્યંત મહત્વની જવાબદારીઓ નરેન્દ્ર મોદીને સોંપી હતી.

જૂનાગઢના વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડયા એ દિવસોને યાદ કરતાં કહે છે કે એક મિટિંગમાં હું પોતે, નરેન્દ્ર મોદી, આરએસએસના સિનિયર કાર્યકર્તા કેશવરાવ દેશમુખ, લક્ષ્મણરાવ ઇનામદાર, શંકરસિંહ વાઘેલા અને નાથાલાલ ઝઘડા હાજર રહ્યા હતા. એ મિટિંગમાં અમારા પૈકીના પ્રત્યેકને સાહિત્ય, સંગઠન અને પ્રતિરોધ સંબંધી જવાબદારીઓ સોંપાઈ હતી, પરંતુ કમનસીબે નરેન્દ્ર મોદી અને નાથાલાલ ઝઘડા સિવાયના બાકીના અમારા સૌની ધરપકડ થઇ હતી. વિવિધ સાહિત્ય અને પ્રકાશનોનું સંકલન કરવાની, વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવાની અને સંગઠનને જીવંત રાખવાની જવાબદારી મોદીના માથે આવી પડી હતી. ઈમરજન્સીના એ બે વર્ષ દરમિયાન નરેન્દ્ર મોદીની ઉંમર ફક્ત ૨૫ વર્ષની હોવા છતાં તેમના સંગઠનાત્મક કૌશલ્યો સોળે કળાએ ખીલી ઊઠ્યાં હતાં.

**નરેન્દ્ર મોદીએ પોલીસથી બચવા સરદારજી અને સાધુનો વેશ ધારણ કર્યો હતો.**

એ દિવસોમાં આરએસએસના મોટાભાગના કાર્યકરોની ધરપકડો થઇ ચૂકી હતી, તેથી સિનિયર નેતાઓએ નરેન્દ્ર મોદીને ખૂબ સાવચેત રહીને પોલીસ પકડથી બચતા રહેવાની તાકીદ કરી હતી અને તે સાથે તેમને કામને જીવંત રાખવાની પણ જવાબદારી સોંપાઇ હતી. નવસારીના આરએસએસના કાર્યકર કાંતિભાઇ વ્યાસ એ દિવસોને યાદ કરતાં કહે છે ઈમરજન્સી દરમિયાન આરએસએસના લગભગ તમામ પ્રચારકોની ધરપકડ કરવાનાં વોરંટ સરકારે જારી કરી દીધાં હતાં, પરંતુ નરેન્દ્ર મોદી સહિતના તે તમામ ભૂગર્ભમાં જતા રહ્યા હતા. જો કે આરએસએસના કેશવરાવ દેશમુખ અને લક્ષ્મણરાવ ઇનામદાર જેવા વરિષ્ઠ કાર્યકરોની ધરપકડ થઇ ચૂકી હતી. નરેન્દ્ર મોદી સરદાર સહિતના વિવિધ વેશ ધારણ કરીને પોતાની ધરપકડ ટાળતા રહ્યા હતા અને સમગ્ર ગુજરાતમાં ફરી ફરીને આંદોલનને જીવંત રાખ્યું હતું.

ઘણીવાર તો તે સાધુના વેશમાં ફરતા હતા. મોદીના એક જૂના સાથીદારે કહ્યું હતું કે તે સમયે તેમના માટે પણ મોદીને ઓળખવા મુશ્કેલભર્યું લાગ્યું હતું તો પછી પોલીસની શી વિસાત? વિષ્ણુ પંડયાએ કહે છે કે એકવાર તો મોદીએ જેલમાં તેમના સાથીદારોની મુલાકાત લેવામાં હદ કરી નાખી હતી. ૨૦૦ કાર્યકર્તાઓની સાથે મને ભાવનગરની જેલમાં નાખવામાં આવ્યો હતો. ૧૯૭૬ના સપ્ટેમ્બર મહિનામાં એક દિવસ મોદી સાધુના વેશમાં જેલમાં પ્રવેશ્યા હતા અને કેટલાંક સિનિયર કાર્યકર્તાઓ સાથે લગભગ એક કલાક વિતાવ્યો હતો અને ઈમરજન્સી વિરુદ્ધની લડતના જુદા જુદા મુદ્દાઓની ચર્ચા કરી હતી, પરંતુ કોઈને જરા સરખી પણ શંકા ગઈ નહોતી કે સાધુના વેશમાં નરેન્દ્ર મોદી હતા.

લખાણનો તેમણે ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો અને ત્યારબાદ ભારે ગોપનીય રીતે તેનું પ્રિન્ટિંગ કરાવ્યું હતું અને ગુજરાતના ગામડે ગામડે પહોંચી જાય તે સુનિશ્ચિત કર્યું હતું. રાજસ્થાન ભાજપના નેતા કિરોરીલાલ મીણાએ પણ એ દિવસોને યાદ કરતાં કહ્યું હતુ કે તે જ્યારે ઈમરજન્સી વિરુદ્ધનું સાહિત્ય લેવા ગુજરાત ગયા ત્યારે તે સૌ પ્રથમવાર નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

એ દિવસોમાં નરેન્દ્ર મોદીની સાથે ખુબ નિકટ રહીને કામ કરનાર પ્રકાશ મહેતા કહે છે કે નરેદ્ર મોદી આ વાતે સુપેરે વાકેફ હતાં કે બિહાર, કોલકાતા, મદ્રાસ અને ઉત્તર પ્રદેશ જેવા ગુજરાત બહારના સ્થળો સાથે અમદાવાદ રેલ્વે માર્ગે ખુબ સારી રીતે સંકળાયેલું છે, તેથી તેમણે ગુજરાતમાં છપાયેલા ચોપાનિયા અને બુકલેટ્સને ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં પહોંચાડવા મોદીએ રેલવે માર્ગનો ઉપયોગ કર્યો હતો. તેમણે ત્યાં સુધીની કાળજી લીધી હતી કે આ તમામ સાહિત્ય વિદેશના નેતાઓ અને ભારતની મુલાકાતે આવનારા વિદેશી પત્રકારોના હાથમાં પણ પહોંચે. નડિયાદના આરએસએસના કાર્યકર હસમુખ પટેલ એ દિવસોનાં સંસ્મરણોને વાગોળતાં કહે છે કે નરેન્દ્ર મોદીએ અમને સ્પષ્ટ એવી સૂચના આપી હતી કે આ સાહિત્ય વધુમાં વધુ લોકો સુધી પહોંચવું જોઈએ. તેમણે તો મને એવું પણ સૂચન કર્યું હતું કે આ ચોપાનિયા વાળંદની દુકાનોમાં ચોંટાડી દેવાં કેમ કે ત્યાં સૌથી વધુ લોકોની અવર-જવર રહેતી હતી. તદઉપરાંત તેમણે અમને એવી પણ સૂચના આપી હતી કે આ સાહિત્ય સ્થાનિક ધાર્મિક નેતાઓ અને સાધુસંતો સુધી પણ પહોંચાડવું, જેથી કરીને તેઓના ભક્તો જ્યારે તેમનાં પ્રવચનો સાંભળવા આવે ત્યારે તેઓ લોકોને સાહિત્ય આપી શકે.

માગી હતી. આ લોકોએ સ્વેચ્છાએ જેલમાં ગયેલા કાર્યકરોના પરિવારોને તમામ પ્રકારનું કરિયાણું પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. આ પગલાના કારણે જેલમાં ગયેલા સંઘના કાર્યકરોનો નૈતિક જુસ્સો જળવાઇ રહ્યો હતો.વલસાડના સંઘના કાર્યકર રાજન ડાહ્યાભાઇ ભટ્ટ એ કપરા સમયમાં નરેન્દ્ર મોદીની એક મુલાકાતને યાદ કરતાં કહે છે દેશમાં કટોકટી લાદવામાં આવી ત્યારે હું તદ્દન યુવાન હતો અને મારી માતા એકલી હતી. ઘણાં કાર્યકરો અમારી મદદે આવ્યા હતા, પરંતુ નરેન્દ્ર મોદી વિશેષ કરીને અમારી મુલાકાતે આવતા હતા. આ કપરા કાળમા નરેન્દ્ર મોદીએ અમને મદદ કરવા ઉપરાંત અમારા નૈતિક જુસ્સાને પણ વધાર્યો હતો અને આ બાબત હજુ મારા દિમાગમાં યથાવત રીતે સચવાયેલી છે.વડોદરાનાં લલિતાબેન ઓઝા કહે છે મારા પિતા ૧૪ મહિના સુધી જેલમાં રહ્યા હતા. નરેન્દ્ર મોદી પ્રત્યેક બીજા દિવસે મારી મુલાકાત લેતાં અને અમારી તમામ સંભાળ લેતાં હતા. અમારે કોઇ કરિયાણાની જરૂર છે એમ પણ તે પૂછતા હતા. તેમણે અમારી પરિવારના એક સભ્યની જેમ કાળજી લીધી હતી. કટોકટીના દિવસોમાં ગુજરાતમાંથી જેલમાં ગયેલા સંઘના અનેક કાર્યકરોના પરિવારોની નરેન્દ્ર મોદીએ વ્યક્તિગત મુલાકાત લીધી હોય એવા અનેક ઉદાહરણ મોજૂદ છે. એકવાર જેલમાં ગયેલા એક કાર્યકરની પત્નીએ મોદી સમક્ષ અત્યંત કપરી કહી શકાય એવી વિનંતી કરી કે તે તેના પતિને તેના હાથે રાંધેલું ભોજન જેલમાં પહોંચાડવા ઇચ્છે છે. મોદીએ એ ભોજન જેલમાં તે કાર્યકર સુધી પહોંચાડવા તમામ પ્રયાસો કર્યા હતા.

**વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં સરદાર પટેલના પુત્રીને મદદ કરી**

કટોકટી વિરુદ્ધના આંદોલનમાં સરદાર વલ્લભભાઇ પટેલના પુત્રી મણિબેન પટેલે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે ગુજરાતમાં એક વિરાટ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું અને આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવાની જવાબદારી પણ નરેન્દ્ર મોદીના માથે હતી. તે સમયે એક સાયકલ રેલીનું આયોજન કરાયું હતું અને મણિબેન પટેલે આ રેલીને લીલી ઝંડી આપી હતી.

**કટોકટી વિષે પુસ્તક- સંઘર્ષમાં ગુજરાત**

કટોકટી ઠાવી લીધા બાદ નરેન્દ્ર મોદીએ ગુજરાતીમાં એક પુસ્તક લખ્યું હતું જેનું શીર્ષક હતું સંઘર્ષમાં ગુજરાત. આ પુસ્તકમાં તેમણે કટોકટી વિરુદ્ધ છેડાયેલા આદોલનની પ્રત્યક ઘટના, બનાવ અને પ્રસંગોનું વિગતવાર વર્ણન કર્યું છે. ૧૯૭૮માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઇ પટેલે આ પુસ્તકનું વિમોચન કર્યું હતું.

## સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફુટ કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

સાંસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૭ સોમવાર થી ૩/૦૭ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.



સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૭ થી ૩/૦૭ સુધી જૂલાઈ માસનાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૭ સોમવારના રોજ સવારે ૮ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૭ ના રોજ સવારે ૮ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) તેમજ તેના પરિવારજનો તેજસભાઈ સંઘવી ના પરિવારનો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

## પહેલા વરસાદમાં મહાનગરપાલિકાના ભ્રષ્ટાચારના પોપડા ઉખડી ગયા : નરેશ પરમાર



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી નરેશભાઇ પરમારએ જણાવ્યું છે કે, દર વર્ષે મહાનગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા માત્ર ને માત્ર કાગળ પર જ વાતો હોય છે. પ્રિમોનસુન અને સ્માર્ટ સિટીનુ સુરસુરિયું રાજકોટમાં ઠેર ઠેર જગ્યાએ જોવા મળ્યું છે.ચોમાસાની શરૂઆતમાં સીઝનના પહેલા વરસાદમાં માત્ર બે ચાર ઈંચ વરસાદ સાથે જ રાજકોટની ઘણી જગ્યાઓ બેટમાં ફેરવાઈ ગઈ છતાં પણ મહા નગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ સ્માર્ટ સિટીનુ બુગંણા ફુકી રહ્યા છે.પહેલા વરસાદમાં રાજકોટ મહાનગરપાલિકાના ભ્રષ્ટાચાર ના પોપડા ઉખડી ગયા અને ભુગર્ભ ગટરનું ખરાબ પાણી છલકાઈને રોડ નદી સમાન વહેતુ થયું ડામર રોડ પર ઠેર ઠેર રસ્તા પર ખાડાઓ થઈ ગયા નીચાણવાળા વિસ્તારમાં જગ્યાઓ પર અનેક જગ્યાએ વરસાદી પાણી નિકાલનો ઉકેલ હજી સુધી તંત્ર પાસે નથી અને માત્ર ને માત્ર કાગળ પર સ્માર્ટ સિટી નું વાતો કરે છે.

## વિશ્વ હિન્દુ પરિષદના અખિલ ભારતીય સહ સંગઠન મહામંત્રી રાજકોટના પ્રવાસે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૬

વિ.હિ.પ.ને અખિલ ભારતીય સહ સંગઠન મંત્રી વિનાયકરાવજી દેશપાંડે બે-દિવસના રાજકોટ ખાતે પ્રવાસમાં આવી રહયાં છે, વિનાયકરાવજીનો પરિચય જોઈએ તો તેઓ વર્ષોથી પૂર્ણ સમય વિ.હિ.પ. માં પ્રાંત સ્તરની અનેક જવાબદારીઓ નિભાવી અને છેલ્લા ઘણા સમયથી તેઓ વિ.હિ.પ. ના અખિલ ભારતીય સમિતિમાં કામ કરી સૌનું માર્ગદર્શન કરી રહયાં છે, ખાસ કરીને તેઓ સમગ્ર ભારતવર્ષમાં પ્રવાસ કરી અને વિ.હિ.પ. ના સંગઠનને મજબુત બનાવવા તેઓની સક્રિય ભૂમિકા રહેલી છે અને તેઓ એક સારા લેખક અને સારા વક્તા પણ છે. ખાસ કરીને સામાજીક સમરસ્તાના વિષયમાં તેઓ ખાસ રૂચી ધરાવે છે અને તેના માટે સમગ્ર ભારતવર્ષમાં ફરી સમાજના અલગ-અલગ જ્ઞાતિના અગ્રણીઓને મળી અને સામાજીક સમરસ્તાયુક્ત ભારતવર્ષ થાય તે માટેના પ્રયત્ન તેઓ કરી રહયાં છે. તેમના પ્રવાસ દરમ્યાન વિ.હિ.પ. ની સંગઠનાત્મક બેઠકો રહેવાની છે અને ખાસ કરીને તા. ૨૭/૦૬ ને ગુરૂવારના રોજ સાંજે ૬-૩૦ કલાકે આત્મીય યુનિવર્સીટી કાલાવડ રોડ ખાતે રાજકોટ શહેરમાં રહેતા વિવિધ સમાજ-જ્ઞાતિના આગેવાનો તથા પ્રબુધ્ધ નાગરીકો માટે એક વિચારગોષ્ટી સામાજીક સમરસ્તાના ભાગ રૂપે સમરસ્તા સંગમનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે જેમાં દરેક સમાજના આગેવાનોને આમંત્રણ આપવામાં આવેલ છે તો ખાસ કરીને આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો જોડાય તે માટે વિ.હિ.પ. રાજકોટના ભુપતભાઈ ગોવાણી, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, નિતેશભાઈ કથીરીયા, કૃણાલભાઈ વ્યાસ, વિનુભાઈ ટીલાવત દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



## અનુસંધાન પહેલા પાનાનું

### નોટબંધી, GST, કોવિડની અસરઃ ૩૭ લાખ નાના ઉદ્યોગ બંધ

અસંગઠિત એન્ટરપ્રાઈઝ એ એવા વ્યવસાયો અથવા વ્યવસાય એકમો છે જે કાયદેસર રીતે સ્વતંત્ર એકમો માનવામાં આવતાં નથી. એકંદરે, તે અનૌપચારિક ક્ષેત્રમાં ચાલતો એક નાનો વ્યવસાય છે, જે વ્યક્તિ એકલા અથવા ભાગીદારીમાં કરે છે.

૨૦૨૦-૨૧નો સર્વે પાઇલટ તરીકે હાથ ધરવામાં આવ્યો હતો. પ્રથમ સર્વે એપ્રિલ ૨૦૨૧ અને માર્ચ ૨૦૨૨ વચ્ચે ૨૦૨૧-૨૨માં હાથ ધરવામાં આવ્યો હતો. બીજો ૨૦૨૨-૨૩, ઓક્ટોબર ૨૦૨૨ અને સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે હાથ ધરવામાં આવી હતી.

### ઓમ બિરલાનો અનુભવ દેશ માટે ઉપયોગી થશેઃ નરેન્દ્ર મોદી

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું- અમારી પાસે સંખ્યા છે, પરંતુ તે સંખ્યાઓનો પ્રશ્ન નથી. સ્પીકરે ગૃહને નિષ્પક્ષપણે ચલાવવું પડશે. આ સંદર્ભમાં આપણા બધા માટે વધુ સારું કે અમે સર્વસંમતિથી સ્પીકરની પસંદગી કરીએ છીએ. અમારી પાસે હજુ સમય છે અને અમે કોંગ્રેસને બીજી અપીલ કરીશું, પરંતુ જો અમને ચૂંટણીમાં ધકેલી દેવામાં આવશે તો અમે તૈયાર છીએ.બીજી તરફ સંસદ સત્રના બીજા દિવસે પણ સાંસદોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૫૩૫ (કુલ ૫૪૨) સભ્યોએ લોકસભાનું સભ્યપદ લીધું છે. ૭ સાંસદ શપથ લઈ શક્યા ન હતા.

### યશ બેંકના ૫૦૦ કર્મચારીઓને છૂટા કરાયા

બેંકે ખર્ચ ઘટાડવા માટે બહુરાષ્ટ્રીય સલાહકારની નિમણૂક કરી હતી. કન્સલ્ટન્ટના સૂચન મુજબ બેંકે આંતરિક પુનઃરચનાનું કામ શરૂ કર્યું છે. અત્યારે બેંકે ૫૦૦ લોકોને નોકરી છોડવા માટે કહ્યું છે. છટણીનો તબક્કો આગામી દિવસોમાં ચાલુ રહી શકે છે અને વધારાના કર્મચારીઓને પણ દરવાજો બતાવવામાં આવી શકે છે.ખર્ચ ઘટાડવા માટે, યસ બેંક ડિજિટલ બેંકિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જેથી મેન્યુઅલ હસ્તક્ષેપની જરૂરિયાત ન્યૂનતમ રહે. આમ કરવાથી કર્મચારીઓ પર બેંકની નિર્ભરતા ઓછી થશે. છેલ્લા કેટલાક વર્ષોમાં યસ બેંકના ખર્ચમાં ઝડપથી વધારો થયો છે. છેલ્લા નાણાકીય વર્ષમાં જ ખર્ચમાં લગભગ ૧૭ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન બેંકના કર્મચારીઓ પરના ખર્ચમાં ૧૨ ટકાથી વધુનો વધારો થયો છે.

## અનુસંધાન છેલ્લા પાનાનું

### દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવેની બંને બાજુ ૪૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરાશે

કામગીરી માટે તમામ સાધન સામગ્રી પણ ઉપલબ્ધ છે. માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમે લોક ભાગીદારીથી PPP ધોરણે વનીકરણનું કામ કરવા ઇચ્છા દર્શાવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી આ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યમાં રોડના મિડિયન, બન્ને બાજુ તેમજ અન્ય અનુકૂળ જગ્યાએ મોટા રોપા ટ્રી ગાર્ડ સાથે સફળતાપૂર્વક વાવેતર કરવામાં આવી રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ-માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ જિલ્લામાં વૃક્ષારોપણ માટે વન વિભાગ સાથે રૂ. ૧૦ કરોડના MoU પણ કરવામાં આવ્યા હતા.

### કાલોલમાં ૫, વિસાવદરમાં ૪.૫ ઈંચ વરસાદ વરસ્યો

જુનાગઢ જિલ્લામાં બે દિવસ પહેલા એક ઇંચથી લઇને પાંચ ઇંચ વરસાદ નોંધાયા બાદ ફરી ગઇકાલે ભારે બફારા અને ગરમી વચ્ચે સવારીથ જ મેઘાના મંડાણ જોવા મળ્યા હતા. ઝરમર વરસાદ શરૂ થયા બાદ ફરી વાદળો વિખેરાઇ જવા પામ્યા હતા. જયારે વિસાવદરમાં સવારે ૮ થી ૧૦માં ૬૨ મીમી વરસાદ ખાબકયો હતો. સવારે ૧૮ મીમી વરસાદ નોંધાયો હતો.ફરી બપોર બાદ ચાર કલાકે મેઘસવારી ઉતરી આવતા વધુ અઢી ઇંચ સામે કુલ સાડા ચાર ઇંચ વરસાદ ગઇકાલે નોંધાયો હતો. જુનાગઢમાં બપોર બાદ ફરી વાદળો ચડી આવતા માત્ર ૩ મીમી વરસાદ નોંધતા રસ્તાઓ કીચડવાળા થઇ જતા વાહનો સ્લીપ થઇ જવાના બનાવો નોંધાયા હતા. માળીયાહાટીના ૪ મીમી, ભેંસાણ ૩ મીમી વરસાદ નોંધાયો હતો.જામનગર જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી વચ્ચે જિલ્લાની અંદર છેલ્લા ૨૪ કલાક દરમિયાન ત્રણ તાલુકામાં વરસાદ નોંધાયો છે જેમાં જામજોધપુરમાં સવા બે ઇંચ જોડીયામાં પોણો ઇંચ, જામનગરમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો છે જ્યારે ગ્રામ્ય પથક ની વાત કરીએ તો ગ્રામ્ય પંચકમાં શેઠ વડાળામા એક અને પડાણામાં સવા બે ઇંચ વરસાદ નોંધાયો છે.દરમ્યાન ગુજરાત રાજ્યમાં ચોમાસાની જમાવટ થઇ છે. તેમાં રાજ્યભરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં આજે પંચમહાલ, આણંદમાં ભારે વરસાદની આગાહી છે. તથા વડોદરા, છોટા ઉદેપુરમાં ભારે વરસાદની આગાહી છે. સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગરમાં પણ ભારે વરસાદની આગાહી છે. તેમજ ગીર સોમનાથ જિલ્લામાં પણ ભારે વરસાદ સાથે અન્ય જિલ્લાઓમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે.૨૭ જૂને પણ કેટલાક જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. તેમાં પંચમહાલ, દાહોદ, મહીસાગર તથા વડોદરા, અમરેલી, ભાવનગર અને વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. તેમજ ૨૮ જૂને ખેડા, આણંદ, પંચમહાલમાં ભારે વરસાદની આગાહી સાથે દાહોદ, મહીસાગર, વડોદરામાં ભારે વરસાદની આગાહી છે. તથા ૨૯ જૂને ભરૂચ, સુરત, ડાંગ તથા નવસારી, વલસાડ, તાપીમાં ભારે વરસાદની આગાહી છે.૨૮મી જૂનથી પાંચમી જુલાઈ સુધીમાં રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે. આ ઉપરાંત જુલાઈના અંત સુધીમાં કેટલાક વિસ્તારોમાં ૧૦ ઈંચ સુધી વરસાદ થવાની શક્યાઓ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજ્યમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ ઉપરાંત ત્રણ દિવસ માટે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદ મામલે અગમચેતીના ભાગરૂપે ગીર સોમનાથ, ભાવનગરમાં દ્વારકા અને નર્મદામાં એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે.

# રાજયભરમાં ભોગ બનેલા પરિવારો કરશે ગાંધીનગર કુચ

## અગ્નિકાંડના મૃતાત્માઓની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે કોંગ્રેસે બનાવ સ્થળે પાઠવી શ્રદ્ધાંજલિ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬

રાજકોટમાં TRP ગેમ ઝોનની અગ્નિકાંડ ની ઘટના જે સ્થળે આ ગોઝારો બનાવ કાલાવડ રોડ પર સયાજી હોટલ પાછળ બનાવ બનેલ તે સ્થળે બનાવવામાં પગ બનેલા પીડિત પરિવારો, શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો, ધારાસભ્ય, કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો, પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખો, કોંગ્રેસના તમામ ફ્રન્ટલ સેલના ચેરમેન અને કોંગ્રેસના ૧૫૦ થી વધુ કાર્યકરો દ્વારા મૃતાત્માઓની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે બનાવ સ્થળે મીણબત્તી પ્રગટાવી કેન્ડલ માર્ચ દ્વારા દિવંગતોને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

શ્રદ્ધાંજલિ પાઠવવામાં ઉપસ્થિત કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, કિસાન મોરચાના પાલભાઈ આંબલીયાએ





જણાવ્યું હતું કે રાજકોટવાસીઓ આજે સ્વયંભૂ અને સજ્જડ બંધ રાખેલ છે તે બદલ દરેક વેપારી મંડળો અને દરેક સ્કૂલ સંચાલકોનો આભાર વ્યક્ત કરીએ છીએ ન્યાય માટેની આ લડાઈ લાંબી ચાલવાની છે. આગામી દિવસોમાં આ લડાઈ હવે મુખ્યમંત્રીના કાર્યાલય ગાંધીનગર સુધી કુચ કરાશે અને વડોદરાનું હરણીકાંડ, મોરબીના ઝુલતો પુલ, સુરતની તક્ષશિલામાં તંત્રના પાપે ભોગ બનેલાં આ પ્રકારના માનવસર્જિત દુર્ઘટનાઓમાં પીડિત પરિવારને સાથે રાખી આગામી દિવસોમાં લડત ચાલુ રખાશે અને નવા કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે. સરકાર વિપક્ષને ના બોલાવે તો કાંઈ નહીં પરંતુ પીડિત પરિવારને પણ આશ્વાસન આપવા કે તેની સાથે પણ ચર્ચા કરવા જ્યારે તૈયાર નથી ત્યારે સંવેદનશીલતા ગુમાવી છે ચૂકેલી આ સરકાર નિષ્ઠુર બને તો અમારી સરકારની સામે તમામ મોરચે લડવાની તૈયારીઓ પણ છે.

શ્રદ્ધાંજલિ પાઠવવામાં પીડિત પરિવારોની સાથે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ગાયત્રીબા વાઘેલા, વશરામભાઈ સાગઠીયા, નરેન્દ્રભાઈ સોલંકી, રોહિતભાઈ રાજપુત, બ્રિજરાજ સિંહ રાણા, દીપ્તિબેન સોલંકી, અશોકસિંહ વાઘેલા, નાગજીભાઈ વિરાણી, સલીમભાઈ કારિયાણી, મુકુંદભાઈ ટાંક, અમિતભાઈ રવાણી, હબીબભાઈ કટારીયા, મયુરભાઈ શાહ, મનીષાબા વાળા, હિરલબેન રાઠોડ, ગૌરવ પુજારા, ચૌહાણ અહેસાન, મુછડીયા પ્રવીણભાઈ, વી એસ મકવાણા, જગદીશભાઈ સાગઠીયા, મેઘજીભાઈ રાઠોડ, જયાબેન ચૌહાણ, જસુબા વાંક, કંચનબેન વાળા, ચિંતનભાઈ દવે, ગીરીશભાઈ પટેલ, રાહુલ સોલંકી, વિનીતસિંહ રાણા, રાજેશ ભુત, કિશોરભાઈ જોશી, અરવિંદભાઈ મુછડીયા, પ્રભાતભાઈ ડાંગર, જગાભાઈ મોરી, ગજેન્દ્રસિંહ ઝાલા, જીતુભાઈ ઠાકર, અમિતભાઈ ઠાકર સહિતના આગેવાનો કાર્યકર ઉપસ્થિત રહ્યા હતા.

# ચરજ નેટવર્ક દ્વારા આયોજીત ચરજ ભજનોત્સવ: પૂ.નારાયણ સ્વામી વિશેષાંક વિમોચન કાર્યક્રમ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬

ચરજ નેટવર્ક દ્વારા આયોજીત ચરજ ભજનોત્સવ બ્રહ્મલીન પૂજયશ્રી નારાયણ સ્વામી વિશેષાંક વિમોચન કાર્યક્રમ તા.૨૯-૬ શનિવારના રોજ સવારે ૯ થી ૧ શ્રી હેમુ ગઢવી ઓડિટેરિયમ ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં આઈશ્રી પૂજય કંચનમાં (સોનલધામ મઢડા), આઈશ્રી પૂજય દેવલમાં (શકિતપીઠ બલીયાવડ), આઈશ્રી પૂજય કમળામાં (દુર્ગાધામ મોટાભાડીયા), આઈશ્રી પૂજય રૂપલમાં (નવદુર્ગા શકિત તીર્થ રામપરા ગીર), આઈશ્રી પૂજય ખીમશ્રીમા (રતડીયા ધામ) પ.પૂ. નવલબામા (પૂ.નારાયણ આશ્રમ ભવનાથ), આઈશ્રી મીણબાઈમાં (ભાદરા), પ.પૂ.શેરનાથ બાપુ (ગોરક્ષનાથ આશ્રમ-ભવનાથ, જૂનાગઢ), પૂ.મહંતશ્રી અખંડાનંદ સરસ્વતી બાપુ (વાપી), પૂ.મહંતશ્રી અમૃતગીરી બાપુ (વાઘણીયા), પ.પૂ.દેવગીરી બાપુ (એકલધામ ભરૂડીયા), પ.પૂ.અર્જુનનાથ બાપુ (રાજડા ટેકરી), પ.પૂ.કિષ્ણાનંદ બાપુ, પ.પૂ.લાલગીરી બાપુ (રૂદ્રાણી જાગીર), પ.પૂ.ભરતદાસ (વાવડા) અને પ.પૂ.હનુમાનદાસ બાપુ (વલભીપુર), પૂ.મોરારીબાપુ, ડો.જયેન્દ્રસિંહ જાદવ, ડો.બળવંત જાની, ડો.અંબાદાન રોહડીયા, ડો.નિરંજન રાજયગુરૂ, કિર્તીદાન ગઢવી, હરેશદાન શકિતદાન લાંગાવદરા, કેતન ગઢવી ઉપસ્થિત રહેશે.

# ઓલપાડની સરસ પ્રાથમિક શાળામાં જરૂરિયાતમંદોને રાશન કીટનું વિતરણ



**(વિજય પટેલ દ્વારા)**

ઓલપાડ,તા.૨૬

ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત સરસ પ્રાથમિક શાળા ખાતે ભાવિનભાઈ પટેલ તરફથી સરસ ગામનાં ૧૦ જરૂરિયાતમંદ કુટુંબોને ૬૦ kg ઘઉં, ૨૦ kg ચોખા, ૫ kg દાળ અને ૫ kg તેલની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ખૂબજ ઉમદા વ્યક્તિત્વ ધરાવતાં ભાવિનભાઈએ નિઃસ્વાર્થભાવે શાળા પરિવારની ઉપસ્થિતિમાં રાશન કીટ પ્રફુલ્લિત વદને જરૂરિયાતમંદોને વિતરીત કરી હતી. આ તકે સૌએ ભાવિનભાઈની સખાવતને બિરદાવી આનંદ વ્યક્ત કર્યો હતો.

# શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી સિવિલ હોસ્પિટલને ૧૦૧૧ બ્લડ બોટલ્સ અર્પણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬

અત્યારે ઉનાળાના સખત તાપમાં રકતદાન કેમ્પ ઓછા થવાથી અને કેમ્પમાં રકતદાતાઓ ઓછુ રકતદાન કરતા હોય ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રકતની સખત અછત રહેતી હોય છે એવા સમયે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા છેલ્લા દસ દિવસમાં જુદી-જુદી સ્કુલ્સ તેમજ ઈન્ડસ્ટ્રીઝ મેટોડામાં રકતદાન કેમ્પોનું આયોજન કરી ૧૦૧૧ રકત બોટલ્સ રાજકોટ સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવી છે.










### દર વર્ષે પ્રવેશોત્સવનાં થતાં તાયફાથી શિક્ષણનું ભલું થવાનું નથી

# સરકારી શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ તો ભરો : આમ આદમી પાર્ટી

**પ્રાથમિકથી લઈને ઉચ્ચત્તર માધ્યમિક સુધીની સરકારી શાળાઓમાં ૩૨ હજાર શિક્ષકો અને ૩૮ હજાર ઓરડાની જરૂર**

## રાજયની ૧૬૦૬ સરકારી પ્રાથમિક શાળાઓ માત્ર ૧ શિક્ષકથી જ ચાલે છે

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી,તા.૨૬

અમરેલી ખાતે આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકાર દર વર્ષે પ્રવેશોત્સવનાં કાર્યક્રમો કરે છે જે અંતર્ગત ૨૬-૨૭-૨૮ જૂનના રોજ સમગ્ર રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં આ કાર્યક્રમ કરવામાં આવશે. આવા કાર્યક્રમો અને તાયફાઓની આડમાં સરકાર દર વર્ષે સાચી હકીકતોને છુપાવે છે અને



સરકારી શિક્ષણની પરિસ્થિતિ દિવસે ને દિવસે વણસતી જાય છે. શિક્ષણ સુધારણા માટે સતત ચિંતા કરતી અને સંઘર્ષ કરતી આમ આદમી પાર્ટીએ આ મુદે અનેક વખત રજૂઆતો કરી છે પણ આ મુદે હજુ સુધી કોઈ સુધારાઓ કરવામાં આવેલ નથી. તેવો આક્ષેપ કર્યો છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાતની ૧૬૦૬ સરકારી પ્રાથમિક શાળાઓ માત્ર એક જ શિક્ષકથીચાલે છે., પ્રાથમિકથી લઈને ઉચ્ચત્તર માધ્યમિક સુધીની સરકારી શાળાઓમાં મળીને કુલ ૩૨ હજારથી વધુ શિક્ષકોની અને ૩૮ હજારથી વધુ ઓરડાઓની અછત છે., ૧૪૬૫૨ શાળાઓમાં એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે., રાજયની અંદાજે ૩૮૦૦૦ સરકારી શાળઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાના નામે મર્જ/બંધ કરી દેવામાં આવી છે., રાજય શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ૩૧ માર્ચ ૨૦૨૩ની પરિસ્થિતિએ ફકત ૧૧ જેટલી સરકારી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે, જયારે ૫૨૬ ખાનગી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાતમાં ૨૫૬૪ જેટલી સરકારી શાળાઓ જર્જરીત ઓરડા ધરાવે છે, જયારે ૭૫૯૯ સરકારી શાળાઓમાં હજુ પણ પતરાની છત નીચે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે., તાજેતરમાં જ સામે આવ્યું હતું કે ધોરણ ૮ પછી અંદાજે ૧.૧૪ લાખ બાળકોએ ભણવાનું છોડી દીધું હતું એટલે કે માધ્યમિકમાં પ્રવેશ લીધો નહોતો.

ટેટ-૧ પાસ ૩૯૩૯૫ અને ટેટ-૨ પાસ ૨૩૫૯૫૬ ઉમેદવારો છે. એ ઉપરાંત માધ્યમિકમાં ટાટ ૭૫૩૨૮, માધ્યમિક દ્વિસ્તરીય ટાટ ૨૮૩૦૭ અને ઉચ્ચતર માધ્યમિક દ્વિસ્તરીય ૧૫૨૫૩ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી છે. આમ કુલ ૩.૮૩ લાખથી વધુ ઉમેદવારોએ શિક્ષક બનવા યોગ્ય પરીક્ષાઓ પસાર કરી છે. ૨૦૨૨ માં ટેટ-૧ પાસથયેલા ૨૩૦૦ અને ટેટ-૨ પાસ થયેલા ૩૩૭૮ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે, જયારે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકમાં કોઈ ભરતી થયેલી નથી. એવી જ રીતે ૨૦૨૩માં પણ એક પણ ઉમેદવારની સરકારી કે ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં ભરતી થઈ નથી.

આવી તો અનેક ત્રુટીઓ ગુજરાતની સરકારી શિક્ષણ વ્યવસ્થામાં છે જે વારંવાર જનતા મીડિયા તેમજ વિપક્ષના માધ્યમથી સામે આવતી રહે છે. ગુજરાતના તમામ વાલીઓ વતી માંગણી છે કે ગુજરાતની તમામ સરકારી શાળાઓમાં શિક્ષકોની અછત તાત્કાલિક ધોરણે પૂરી કરવામાં આવે તેમજ અન્ય તમામ આવશ્યક સુવિધાઓ પણ તાત્કાલિક ફાળવવામાં આવે તેવી માંગ અંતમાં કરવામાં આવી.

# SMVS સ્વામિનારાયણ મંદિરે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬

તારીખ ૨૮/૬ ને શુક્રવારના રોજ સાંજે ૬ થી ૯ વાગ્યા દરમિયાન **SMVS** શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપર ચોકડી, રાજકોટ ખાતે દિવ્ય અને ભવ્ય ગુરૂપૂર્ણિમા ઉત્સવનુ આયોજન કરવામાં આવેલ છે. આ ગુરુપૂર્ણિમા ઉત્સવમાં ગાંધીનગરથી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુવર્ય પ.પૂ.અ.મુ.સદ્ શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી) ખાસ પાધરી રહ્યા છે. આ ગુરૂપૂર્ણિમા ઉત્સવ અંતર્ગત સાંજે ૬ થી ૬:૪૫ દરમિયાન વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું માધાપર ગામ થી ભવ્યાતિભવ્ય સ્વાગત - સામૈયું કરવામાં આવશે ત્યારબાદ ૬:૪૫ થી ૮ વાગ્યા સુધી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુભવાત્મક દિવ્યવાણીનો તથા ગુરૂપૂજનનો અણમોલ લાભ મળશે અને ૮ થી ૯ વાગ્યા દરમિયાન પ.પૂ. ગુરુવર્ય સ્વામીશ્રીના નિકટ દર્શન અને આશીર્વાદનો પણ લાભ મળશે.

આ ગુરૂપૂર્ણિમા ઉત્સવના કાર્યક્રમના દિવ્ય અવસરે રાજકોટ શહેર અને રાજકોટ જીલ્લાના સર્વે હરિભક્તોને ગુરુવર્ય પ.પૂ સ્વામીશ્રીના દિવ્ય પ્રત્યક્ષ દર્શન,પૂજન,આશીર્વાદ તથા અનુભવાત્મક દિવ્યવાણીનો અણમોલ લાભ લેવા સાધુ નિર્ગુણજીવનદાસજી, સાધુ અદભુતસ્વરૂપદાસજી, તથા સાધુ ભજનપ્રિયદાસજી તથા **SMVS** રાજકોટ સત્સંગ મંડળના અગ્રેસર મુક્તોએ ગુરૂપૂર્ણિમાનો લાભ લેવા અનુરોધ કરેલ છે.

વધુ માહિતી માટે ૯૮૨૫૨૧૪૪૭૦ ઉપર પ્રકાશભાઈ પાંચોટિયાનો સંપર્ક કરવા વિનંતી.

# ૨૨.૨૯ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬

મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૩૦ આસામીઓ પાસેથી ૨૨.૨૯ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૦,૦૦૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૯ આસામીઓ પાસેથી ૫.૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૯૫૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૦ આસામીઓ પાસેથી ૧૫.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૯૧૦૦ નોવહીવટી ચાર્જ વસુલવ-ામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા આસામીઓ પાસેથી ૧.૩૯કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૯૫૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# અમરેલીની ડેરી સાયન્સ કોલેજમાં ફરી પીએચડીની સીટો ફાળવાઈ

## બાવકુ ઊંઘાડ દ્વારા મુખ્યમંત્રીને લેખિતમાં કરાઈ હતી રજુઆત

**(કિરીટ જોટવા દ્વારા)**

વડિયા,તા.૨૬

ગુજરાતમાં ખેતી આધારીત ગણાતા અમરેલી જિલ્લામાં ખેતી અને પશુપાલનના વ્યવસાય આધારિત મોટાભાગની વસ્તી આધારિત છે. ત્યારે ડેરી ઉધોગના વિકાસ સાથે અમરેલી ખાતે ડેરી સાયન્સ કોલેજ ફાળવવામાં આવી હતી અને તેમાં ડેરી સાયન્સમાં ઉચ્ચ અભ્યાસ(પીએચડી) ની સુવિધાઓ પણ આપવામાં આવી હતી. અમરેલીની આ ડેરી સાયન્સ કોલેજમાં કોઈ કારણોસર આ



પીએચડીની સીટો પર એડમિશન બંધ થતા તેની રજુવાત પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડને સ્થાનિક અગ્રણીઓએ કરી હતી ત્યારે આ જાગૃત નેતા દ્વારા અમરેલી જેવા ખેતી અને પશુપાલન આધારિત જિલ્લામાં ડેરી સાયન્સ બાબતે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન થાય તે માટે પીએચડીના અભ્યાસ માટે ફરી સીટો ફાળવવા મુખ્યમંત્રીને લેખિત તારીખ ૨૭/૯ ના રોજ રજુઆત કરાઈ હતી તેની નોંધ લઈને આ બાબતે રાજ્ય સરકાર દ્વારા અમરેલીની ડેરી સાયન્સ કોલેજમાં કામધેનુ યુનિવર્સીટી દ્વારા ફરી પીએચડીનો અભ્યાસ શરૂ કરવામાં આવતા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડની રજુઆતને સફળતા મળી છે.

ત્યારે તેમણે રાજ્ય સરકારનો આભાર માન્યો હતો અને વિદ્યાર્થીઓને પશુપાલન અને ડેરી વિષય પર ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કરી સમગ્ર દેશને ફાયદો થાય અને આ ક્ષેત્રે પ્રગતિશીલ બને તે બાબતે અપીલ કરી છે.

# શેત્રુંજી નદીનાં પુલ પરથી બોલેરો નીચે ખાબકી



**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના ગાવડકા નજીક આવેલ શેત્રુંજી નદીમાં પુલઉપરથી નીચે એક બોલેરો કાર ખાબકતા ચાલકને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડાયાનુંજાણવા મળેલ છે. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી તાલુકાના ગાવડકા નજીક આવેલ અમર ડેરી પાસે શેત્રુંજી નદીના પુલ ઉપરથી અકસ્માતે બ્રીજની રેલીંગ તોડીને નીચે બોલેરો કાર નંબર જી.જે.૧૦ પી.એક્ષ. ૪૮૭૩ ખાબકતા માધાભાઇ દાનાભાઈ મહીડા નામનાં ૪૬ વર્ષિય ચાલકને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને પ્રથમ અમરેલી અને બાદમાં રાજકોટ ખસેડાયાનું જાણવા મળેલ છે.

NIPUN BHARAT | Mission Schools of Excellence | ગુજરાત સરકાર | समग्र शिक्षा Samagra Shiksha



કન્યા કેળવણી મહોત્સવ અને
શાળા પ્રવેશોત્સવ
૨૦૨૪



ઉજવણી... ઉલ્લાસમય શિક્ષણની
૨૬-૨૭-૨૮ જૂન, ૨૦૨૪

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ
અંતર્ગત

૫૦,૦૦૦ નવા વર્ગખંડ

૧,૦૦,૦૦૦+ સ્માર્ટ ક્લાસરૂમ

3+ લાખ કમ્પ્યુટર્સ સાથે ૨૫,૦૦૦+ કમ્પ્યુટર/STEM લેબ્સ

શિક્ષણની ગુણવત્તામાં સુધારણા માટે
પ્રતિબદ્ધ ગુજરાત સરકાર

૧૦ લાખ થી વધુ
દીકરીઓને નમો લક્ષ્મી યોજનાનો લાભ

3 લાખ થી વધુ વિદ્યાર્થીઓને
નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાઓનો લાભ

૧ લાખ થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને
મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કૉલરશિપ, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ અને
જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ યોજનાઓનો લાભ

જિલ્લા અને તાલુકા કક્ષાએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની શરૂઆત

# ગીફ્ટ સીટીમાં ૪ મહિનામાં માત્ર ૬૦૦ લીટર દારૂનું વેચાણ



## ૧ માર્ચથી અત્યાર સુધીમાં ગિફ્ટ સિટીની મર્યાદામાં દારૂ પીવા માટે સાધારણ ૨૫૦ મુલાકાતીઓ પરમિટ આપવામાં આવી

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ગ્લોબલ ફાયનાન્સીયલ હબ તરીકે ઉપસી રહેલા 'ગીફ્ટ સીટી'માં ગત ડીસેમ્બર મહિનામાં દારૂબંધીના નિયમો હળવા કરતા તેની જોરશોરથી ચર્ચા થઇ હતી અને અખબારોની હેડલાઇન પણ બન્યા હતા આ અંગેના સમાચારો પરંતુ દારૂબંધી હળવી કરવાના સરકારને ધાર્યા ફળ નહિ મળ્યાનું ચિત્ર ઉપસી રહ્યું છે. છેલ્લા ૪ મહિનામાં માત્ર ૬૦૦ લીટર દારૂનું વેચાણ થયુ છે જેમાં ૪૫૦ લીટર તો બીયર હતું. તેમ ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનો અહેવાલ જણાવે છે.

સત્તાવાર ડેટા દર્શાવે છે કે વૈશ્વિક ફાઇનાન્સ-ટેક હબમાં ૨૪,૦૦૦ થી વધુ વ્યક્તિઓ કાર્યરત છે. તેમ છતાં ૧ માર્ચથી, માત્ર ૫૦૦ કર્મચારીઓએ અરજી કરી અને દારૂના વપરાશની પરમિટ મેળવી છે, આ ઉપરાંત, ૧ માર્ચથી અત્યાર સુધીમાં ગિફ્ટ સિટીની મર્યાદામાં દારૂ પીવા માટે સાધારણ ૨૫૦ મુલાકાતીઓ પરમિટ આપવામાં આવી છે.

જોકે સરકારે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ GIFT સિટીમાં દારૂના શરતી વેચાણ અને વપરાશને મંજૂરી આપતું ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું હતું, તેમ છતાં, સૂત્રોએ જણાવ્યું હતું કે પોલિસીનો અમલ ૧ માર્ચથી શરૂ થયો હતો, જે વચ્ચેનો સમય અરજીઓ મેળવવા અને અન્ય પ્રક્રિયાગત કામ પૂર્ણ કરવામાં ખર્ચવામાં આવ્યો હતો. પ્રતિબંધ વિભાગે આ વર્ષે ૧ માર્ચથી દારૂના વેચાણ અને વપરાશના ડેટાનું સંકલન કરવાનું શરૂ કર્યું હતું.

સરકારના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીની મર્યાદામાં પ્રતિબંધને હળવો કરવા માટેના આ ઉત્સાહી પ્રતિસાદની ચર્ચા કરવામાં આવી છે અને વિવિધ હિતધારકોના પ્રતિસાદના આધારે કેટલાક કારણો ઓળખવામાં આવ્યા છે. ટોચનું પરિબળ ટાંકવામાં આવ્યું છે કે ગિફ્ટ સિટીની મર્યાદામાં વેચવામાં આવતા દારૂની કિંમત રાજ્યભરની પરમિટની દુકાનોમાં ઉપલબ્ધ છે તેના કરતાં ત્રણ ગણી વધારે છે. બીજું, એક માર્ગદર્શિકા જણાવે છે કે ગિફ્ટ સિટીમાં મહેમાનના રોકાણ દરમિયાન યજમાન (ગિફ્ટ સિટીના કર્મચારી) એ દરેક સમયે મુલાકાતી સાથે હાજર રહેવું જોઈએ, જે સૂત્રોના મતે અવરોધક સાબિત થયું છે કારણ કે લગભગ તમામ કર્મચારીઓ વ્યસ્ત વ્યાવસાયિકો છે. ઘણા કલાકો માટે સાથે આવેલા મહેમાનોને ફાજલ કરવાનો સમય.

રાજ્ય સરકાર ગિફ્ટ સિટીની મર્યાદામાં દારૂના વેચાણ અને વપરાશને નિયંત્રિત કરતી માર્ગદર્શિકામાં જરૂરી ફેરફારો કરવાની દરખાસ્તને સક્રિયપણે અનુસરી રહી છે. રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરવા માટે ઇરાદો ધરાવે છે કે ગિફ્ટ સિટીમાં કાર્યકારી વાતાવરણ પૂરું પાડવામાં આવે, જે હાજરી ધરાવે છે. વિશ્વભરમાંથી અને દેશના અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં કર્મચારીઓ અને મુલાકાતીઓ, સૂત્રોએ માહિતી આપી.

એક હિંમતવાન પગલામાં, રાજ્ય સરકારે ગયા વર્ષે ૨૩ ડિસેમ્બરે જાહેરાત કરી હતી કે ગિફ્ટ સિટીમાં દારૂના વપરાશને મંજૂરી આપવામાં આવશે.

આ છૂટછાટનો હેતુ સમગ્ર ગિફ્ટ સિટી વિસ્તારમાં 'વાઇન અને ડાઇન' સુવિધાઓ દ્વારા 'સાંજે સામાજિક જીવન' શરૂ કરવાનો હતો, જેનાથી વૈશ્વિક રોકાણકારો, તકનીકી નિષ્ણાતો અને ત્યાં કાર્યરત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે વૈશ્વિક બિઝનેસ ઇકોસિસ્ટમ પ્રદાન કરવામાં આવી હતી. ત્યારબાદ, ૩૧ ડિસેમ્બરે, રાજ્ય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

## રેલવેમાં સિનિયર સિટિઝનોને મળશે ખાસ ડિસ્કાઉન્ટની સુવિધા

### એસી કોચને બદલે સ્લીપર ક્લાસમાં જ આ ડિસ્કાઉન્ટ આપવા અંગે વિચારણા

નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રિય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ દ્વારા વરિષ્ઠ નાગરિકોને ભારતીય રેલવેમાં આપવામાં આવતી ખાસ સુવિધા અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. કોરોના મહામારી પહેલાં ભારતીય રેલવેમાં સિનિયર સિટિઝનોને ટિકિટમાં ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવતુ હતું. પરંતુ કોરોનામાં આ ડિસ્કાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ હવે રેલવે પ્રધાન દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ડિસ્કાઉન્ટ ફરી એક શરૂ કરવામાં આવે એવી શક્યતા છે.

ચાર વર્ષ બાદ આખરે સરકાર દ્વારા રેલવેમાં વરિષ્ઠ નાગરિકોને ટિકિટ ભાડામાં આપવામાં આવતી છુટને ફરી શરૂ કરવા માટે હિલચાલ કરવામાં આવી રહી છે. જો આવું થાય છે તો એ મોદી ૩.૦ સરકાર દ્વારા સિનિયર સિટિઝન મળનારી સૌથી મોટી ભેટ હશે. એક અખબારમાં છપાયેલા અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે મોદી ૩.૦ સરકારમાં સિનિયર સિટીઝનોને રેલવેના ટિકિટભાડામાં આપવામાં આવતું ડિસ્કાઉન્ટ ચાર વર્ષ બાદ ફરી શરૂ કરવામાં આવી શકે છે. સમચારમાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે શરૂઆતના તબક્કામાં એસી કોચને બદલે સ્લીપર ક્લાસમાં જ આ ડિસ્કાઉન્ટ આપવા અંગે વિચારણા કરાઈ રહી છે.

મહત્ત્વની વાત એટલે રેલવે દ્વારા વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી આ છૂટ એવા જ વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવશે કે જેઓ આ છુટ મેળવવા માંગતા હશે. પહેલાંની જેમ ઉંમર લખાવતા જ રેલવે દ્વારા સામેથી વરિષ્ઠ નાગરિકોને ડિસ્કાઉન્ટ નહીં આપવામાં આવે. પરિણામે વરિષ્ઠ નાગરિકોએ ટિકિટ બુક કરાવતી વખતે રિઝર્વેશન ફોર્મની ડિસ્કાઉન્ટવાળી કોલમ ભરવી પડશે, તો જ તેઓ ડિસ્કાઉન્ટ માટે એલિજેબલ ગણાશે.

## દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવેની બંને બાજુ ૪૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરાશે

### રાજયમાં આશરે ૭૦ હજાર મોટા રોપાઓના વાવેતરનું આયોજનઃ કેબિનેટમાં નિર્ણય લેવાયો



ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, દ્વારકા થી સોમનાથ સુધીના આશરે ૨૦૦ કિમી લંબાઈના કોસ્ટલ હાઈવેની બન્ને બાજુ વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે આશરે ૪૦,૦૦૦ જેટલા રોપાઓનું 10x10 મી.ના અંતરે વાવેતર કરવામાં આવશે. રાજ્યમાં ટ્રી કવર વધારવા સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અગાઉ કરાયેલી કામગરીને ધ્યાને રાખીને જ સદભાવના વૃદ્ધાશ્રમને 'હરિત વન પથ' યોજનાના અમલ માટે ભાગીદારસહ આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં 'હરિત વન પથ' યોજના મંજૂર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૭૦ હેક્ટર વિસ્તારમાં આશરે ૭૦,૦૦૦ મોટા રોપાઓના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. હરિત વન પથ યોજના હેઠળ રાજ્યમાં ટ્રી કવર વધારવા અને રોડની બન્ને બાજુને હરિયાળી બનાવવા માટે ૫ x ૫ મી. ના અંતરે ૬ થી ૮ ફીટના રોપા ટ્રી-ગાર્ડ સાથે વાવેતર કરવાની એક અગત્યની યોજના છે. આ યોજના અગાઉના વાવેતરો કરતાં વિશિષ્ટ અને અત્યંત અસરકારક મોડલ તરીકે તૈયાર કરવામાં આવી છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગત ૧૦ વર્ષમાં આશરે ૨૫ લાખ કરતાં પણ વધારે વૃક્ષોનું વાવેતર કરીને ઉછેરવામાં આવ્યા છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવે પર કરવામાં આવનાર વૃક્ષારોપણમાં રોપા દીઠ અંદાજે રૂ. ૩૦૦૦ના ખર્ચે પ્રથમ વર્ષનું વાવેતર અને ત્રણ વર્ષ સુધીની જાળવણી સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા દ્વારા કરવામાં આવશે. સંસ્થા પાસે તાંત્રિક માનવબળ, ટ્રેક્ટર્સ, ટેંકર્સ અને વૃક્ષારોપણ (જુઓ.પાનું.૫)

## આર.ટી.ઓ ખાતે આજથી તા.૨૯ સુધી ફોર વ્હીલર વાહન માટેનો ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બંધ રહેશે



રાજકોટ, તા.૨૬

આર.ટી.ઓ. રાજકોટ ખાતે કાર્યરત ફોર વ્હીલર વાહનો માટેનો ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ટેકનિકલ કારણોસર આજથી તા.૨૯ દરમ્યાન બંધ રહેશે, જયારે ટુ વ્હીલર વાહનો માટેનો ટેસ્ટ ટ્રેક રાબેતા મુજબ ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન જે અરજદારોએ ફોર વ્હીલર વાહન માટે ટેસ્ટ ટ્રેકની અપોઈન્ટમેન્ટ લીધેલ છે તેમની એપોઈન્ટમેન્ટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા રીસીડ્યુલ કરી આપવામાં આવેલ છે, જેની રાજકોટ જિલ્લાની મોટરિંગ પબ્લિકને નોંધ લેવા તેમજ સહકાર આપવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની યાદીમાં ઉમેરાયું છે.

## લોકમેળો રાજકોટના રેસકોર્સના મેદાનમાં જ યોજાશે

### શનિવારે લોકમેળા સમિતિની બેઠક બોલાવામાં આવી



રાજકોટ, તા.૨૬

રાજકોટમાં દર વર્ષે રેસકોર્સના મેદાનમાં યોજાતા ભાતીગળ લોકમેળામાં સૌરાષ્ટ્રભરમાંથી પાંચ દિવસમાં આશરે ૧૨થી ૧૫ લાખ લોકો મહાલવા આવતા હોય ટ્રાફિકની ભારે સમસ્યા સર્જાય છે અને ગત વર્ષે લોકમેળાનો એક દિવસ લંબાયા બાદ પોલીસ તંત્રે બંદોબસ્ત વહેલો છૂટો કરી દેતા હજારો લોકો ટ્રાફિકજામમાં કલાકો સુધી ફસાયા હતા.

જેના પગલે વહીવટી તંત્ર દ્વારા રાજકોટમાં આગામી તા.૧૭થી ૨૧ ઓગસ્ટ સુધી યોજાનાર લોકમેળાનું સ્થળ શહેરની બહાર ખસેડવા વિચારણા હાથ ધરવામાં આવી હતી અને તેના માટે શહેર પ્રાંત અધિકારી દ્વારા કણકોટ અને ન્યૂ રાજકોટ એમ બે સ્થળનું સૂચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા આ જગ્યા પર લોકમેળો યોજવા માટેની ફિઝિબિલિટી ચકાસવા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને આદેશ કરાયો હતો. માર્ગ અને મકાન વિભાગ દ્વારા કણકોટ અને ન્યૂ રેસકોર્સના મેદાનમાં જમીન રાઇડ્સ માટે યોગ્ય ન હોવાનો અભિપ્રાય અપાતા તંત્ર દ્વારા હવે શહેરના રેસકોર્સના મેદાનમાં જ લોકમેળો યોજવા નિર્ણય કરાયો છે અને તેના અનુસંધાને શનિવારે લોકમેળા સમિતિની બેઠક બોલાવવામાં આવી છે.

## શિષ્યવૃત્તિની પરીક્ષામાં પ્રાથમિકમાં ૭૨,૧૭૧ અને માધ્યમિકમાં ૩૧,૭૩૧ વિદ્યાર્થી પાસ

રાજકોટ, તા.૨૬

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત ૨૮ એપ્રિલના રોજ પ્રાથમિક અને માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ માટેની PSE (પ્રાઇમરી એજ્યુકેશન સ્કોલરશિપ એક્ઝામ) અને SSE (સેકન્ડરી એજ્યુકેશન સ્કોલરશિપ એક્ઝામ) લેવામાં આવી હતી. જેનું પરિણામ તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યું છે.

જેમાં પ્રાથમિકમાં ૨.૨૯ લાખ પૈકી ૭૨ હજાર અને માધ્યમિકમાં ૫૧ હજાર પૈકી ૩૧ હજાર વિદ્યાર્થી ક્વોલિફાઈંગ માર્ક મેળવી શક્યા હતા. બંનેના કુલ ૨.૮૦ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧,૦૩,૯૦૨ વિદ્યાર્થી ક્વોલિફાઈંગ માર્ક મેળવી શક્યા હતા. જ્યારે ૧.૭૭ લાખ વિદ્યાર્થીને ૩૫ ટકા માર્ક પણ મળ્યા ન હતા. રાજ્ય સરકારની PSE યોજનામાં વિદ્યાર્થીને વર્ષે રૂ.૭૫૦ મળશે જ્યારે SSE યોજનામાં વર્ષમાં એક વખત રૂ.૧૦૦૦ની સ્કોલરશિપનો લાભ મળવાનો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક શિષ્યવૃત્તિની પરીક્ષામાં કુલ ૨,૫૭,૬૩૭ વિદ્યાર્થી પૈકી ૨,૨૯,૧૩૯ વિદ્યાર્થી હાજર રહીને પરીક્ષા આપી હતી.

જ્યારે ૨૮,૪૯૮ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. પ્રાથમિકમાં ૭૨,૧૭૧ વિદ્યાર્થી શિષ્યવૃત્તિની પરીક્ષામાં પાસ થયા હતા. જ્યારે માધ્યમિકમાં ૬૪,૦૯૭ વિદ્યાર્થીમાંથી ૫૧,૮૪૦ હાજર અને ૧૨,૨૫૭ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. માધ્યમિકમાં ૩૧,૭૩૧ વિદ્યાર્થી પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા.

## આજી-૧ ફોફળ સહિત સૌરાષ્ટ્રનાં ૭ ડેમોમાં નવા પાણીની આવક યથાવત

### સુરેન્દ્રનગરનાં મોરસલમાં ૨૪ કલાકમાં અઢી ફૂટ નવુ પાણી આવ્યું



રાજકોટ,તા.૨૬

સૌરાષ્ટ્રનાં ડેમોમાં ગઈકાલે સતત ત્રીજા દિવસે પણ નવાનિરની ધીમી આવક ચાલુ રહી હતી.ગઈકાલે રાજકોટના ફોફળ અને આજી-૧ સહિત સૌરાષ્ટ્રનાં, કુલ-૭ ડેમોમાં નવા પાણી ઠલવાયા હતાં.

રાજકોટ સિંચાઈ વિભાગનાં ફુલડસેલનાં જણાવ્યા મુજબ રાજકોટનાં ફોફળમાં ૦.૨૦ ફુટ અને આજી-૧માં ૦.૧૦ ફુટ નવું પાણી આવેલ હતું.જયારે મોરબી જિલ્લાનામાં મચ્છુ-૨ ડેમમાં ૦.૫ ફુટ, ઘોડા ધ્રોઈમાં ૧ ફૂટ તથા બાહપણી-૨માં ૦.૧૬ ફુટ નવું પાણી છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ઠલવાયું હતું.

આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લાનાં મોરસલ અને લિંબડી ભોગાવો-૨ (વડોદ)માં પણ નવું પાણી આવેલ હતું.મોરસલમાં અઢીફુટ, તથા લિંબડી ભોગાવો-૨માં ૦.૧૬ ફુટ નવા પાણીની આવક થવા પામી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જલદી તમે પણ જોડાઇ જાવ ડિજિટલ ક્રાંતી સાથે
FOLLOW US
YouTube ----------> @saurashtrakrantidaily
@Saurashtra kranti
LIVE BREAKING NEWS
વોટ્સએપમાં અમારી સાથે જોડાઓ...
'Hi'લખીને મોકલો #95125 28005

## કાલોલમાં ૫, વિસાવદરમાં ૪.૫ ઈંચ વરસાદ વરસ્યો

### આજે પંચમહાલ, આણંદ, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહીઃ કચ્છનાં માંડવીમાં પણ બે ઈંચથી વધુ



રાજકોટ, તા. ૨૬

રાજયમાં ગઇકાલે કુલ ૧૨૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં ૮ તાલુકામાં ૨ ઇંચથી વધુ વરસાદ ખાબકયો હતો. સૌથી વધુ પંચમહાલનાં કાલોલમાં ૫ ઇંચ તથા જુનાગઢના વિસાવદર તાલુકામાં કુલ ૪ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

કચ્છમાં ગત મોડી રાત્રે મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલ આંકડા પ્રમાણે મોડી રાત્રે ૧૨ થી ૨ વાગ્યા દરમ્યાન કચ્છમાં ૨ ઇંચથી વધુ વરસાદ ખાબકયો હતો. આ સાથે જ તાપી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વરસાદ પડયો હતો.

મોડી રાત્રે ૧૨ થી ૨ વાગ્યા દરમ્યાન કચ્છના માંડવીમાં ૪૫ મીમી, ભચાઉમાં ૫ મીમી, અંજાબ અને મુંદ્રામાં ૨-૨ મીમી, જામનગરમાં ૯ મીમી અને તાપીના નિઝરમાં ૭ મીમી વરસાદ ખાબકયો હતો.

મળતા અહેવાલો મુજબ ખંભાળિયા પંથકના ચોમાસાની ઋતુની શરૂઆતથી જ મેઘરાજા મહેરબાન રહ્યા છે. ત્યારે ગત રવિવારે રાતથી સોમવારે સવાર સુધીમાં વરસી ગયેલા ચાર ઈંચ વરસાદ બાદ ગઈકાલે મંગળવારે પણ ગાજવીજ સાથે વધુ દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી જવા પામ્યો હતો.

ખંભાળિયા પંથકમાં મંગળવારે સાંજે ઘટાટોપ વરસાદી વાતાવરણ છવાયું હતું અને સાંજે આશરે સાત એક વાગ્યાથી વીજળીના કડાકા ભડાકા સાથે મુશળધાર વરસાદ શરૂ થયો હતો અને કુલ ૩૫ મી.મી. (દોઢ ઈંચ જેટલું) પાણી વરસી જવા પામ્યું છે.

આજે સવારથી સમગ્ર પંથકમાં વાતાવરણ ખુલ્લું રહ્યું હતું. મોસમનો કુલ વરસાદ ખંભાળિયામાં ૩૭૧, ભાણવડમાં ૧૦૩ કલ્યાણપુરમાં ૫૮ અને દ્વારકામાં ૪૪ મી.મી. થયો છે. જયારે વિસાવદર પંથકમાં ૧ થી ૪ ઈંચ વરસાદ થતા વિસાવદરમાં સીઝન નો કુલ વરસાદ ૭ ઈંચ થયો છે.

વિસાવદર એક દિવસના વિરામ બાદ ફરી મેઘરાજાનું જોરદાર આગમન થયું હતું જેમાં એકજ દિવસમાં ૪ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. મંગળવાર સવાર થીજ મેઘરાજા મન મૂકી વરસી ગયા હતા ત્યારે બાદ ફરી બપોરના ચારથી છ ના સમયમાં ૨ ઈંચ વરસાદ પડેલ હતો જેમાં સવાર છથી સાંજના છ સુધીમાં કુલ ૧૦૯ મીમી એટલે કે ચાર ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હતો જેના કારણે બસ સ્ટેન્ડ સહિતના ઘણા વિસ્તારમાં પાણી ભરાયાનું જાણવા મળ્યું હતું. (જુઓ.પાનું.૫)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST
(પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.